વેદ દર્શનાચાર્ય ઉદાસીન પરમહંસ
પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૮ સ્વામી
શ્રી ગંગેશ્વરાનંદજી મહામંડલેશ્વરનાં

વ્યાખ્યાનો

પંચદેવોપાસના.

છપાવનાર અને પ્રસિદ્ધ કરનાર.

શુકલ કેશવલાલ ઉમીયાશંકર.

માંડવીની પોળમાં શેઠની પોળ,

અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   પ્રત ૧૦[illegible]   સંવત ૧૯૮[illegible]

ધી ઉત્કર્ષ મુદ્રણાલયમાં પ્રા. પુરસોતમ શંકરદાસે
છાપી રીચીરોડ—અમદાવાદ.

-: અર્પણ પત્રિકા :-

મહારાજ શ્રી પોતે અમદાવાદ પધારી આપના અમૃતમય વેદોક્ત અને શાસ્ત્રમય પ્રવચનોનો લાભ

મારો પ્રયત્ન સફળ થયો માનીશ. આ પુસ્તક ટુંક સમયમાં તૈયાર કરવામાં જે જે ભાઈઓએ મદદ આપી છે તે સર્વનો અત્રે આભાર માનું છું.

શુક્લ કેશવલાલ ઉમીયાશંકર.



वेद दर्शनाचार्य उदासीन परमहंस परिव्राजकाचार्य श्री. १०८

स्वामी श्री गङ्गेश्वरानन्दजी मण्डलेश्वर

उदासीन संस्कृत विद्यालय, टेढीनीम–काशी.

મંગલાચરણ.

ॐ सहनाववतु सहनौ भुनक्तु सह वीर्यं करवावहै ।
तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ॥

તે પરમેશ્વર ખચિત અમારૂં (ગુરૂ, શિષ્યનું) રક્ષણ કરો તે ફૂળને પ્રકાશ કરો અમારૂં રક્ષણ કરો ખરેખર અમોને બ્રહ્મવિદ્યા માટે સામર્થ્ય આપો અમે જે કાંઇ અધ્યયન કર્યું હોય તે પ્રકાશયુકત થાઓ અમોને પરસ્પર દ્વેષ મા થાઓ.

करारविंदेन पदारविंदं मुखारविंदे विनिवेशयन्तं
वटस्य पत्रस्य पुटे शयानं बालं मुकुंदं मनसा स्मरामि

પોતાના ચરણ કમળને હસ્ત કમળથી પકડીને મુખકમળમાં મૂકનાર, અને વડના પાંદડાના પડીયામાં સૂઇ રહેનાર બાળસ્વરૂપ મુકુંદ ભગવાનનું હું મનથી સ્મરણ કરૂં છું.

गोपाल बालं भुवनैकपालं संसारमाय मतिमोह जालं।
यशो विशालं शीशुपाल कालं बालं मुकुंदं मनसास्मरामि ॥

ગોવાળના બાળકને, બધાં ભુવનોનું એકલા પાલન કરનારને સંસારની માયા બુદ્ધિને મોહની જાળ સ્વરૂપને; વિશાળ યશવાળાને અને શીશુપાલનો વધ કરનાર એવા બાળસ્વરૂપ મુકુંદ ભગવાનનું હું મનથી સ્મરણ કરૂં છું.

वेदं समेदं ह्यव गत्यसारं संसारखेदं यततेऽपनेतुं ।
कामादि जेतुं क्षम तेज येन प्रख्यात कीर्ति भुवि तं प्रपद्ये ॥

પ્રખ્યાત કીર્તિવાળા ને જેની મદદ અને પ્રકાશથી વેદોનો સાર જાણીને સંસારનાં કામ ક્રોધ વિગેરે ને જીતવાને તથા સંસારનાં દુઃખ દુર કરવાને સમર્થ થવાય એવા દેવને શરણે હું જાઉં છું.

પંચદેવ ઉપાસના.

"क्" અક્ષર નિરુપ હોવાપર પણ અંગ્રેજીમાં "K" હિન્દીમાં "क" ગુજરાતીમાં "ક" આવા દેખાવો શા માટે કલ્પ્યા છે? આવાં જુદાં જુદાં રૂપો "ક"નો ભાવ સમજવાને કલ્પ્યાં છે આ ઉપરથી એમ સ્પષ્ટ થાય છે કે રૂપ શિવાય ભાવ કલ્પી શકાય નહિ. હૃદયમાં લાવી શકાય નહિ. "ક"ના રૂપ (આકાર) શીવાય આપ કનો ભાવ જાણી શકો નહિ આવા રીતે રૂપથી જાણેલો ભાવ મૃગજળ માફક મીથ્યા ભાવ હોતો નથી. આપણે તો બ્રહ્મભાવ જેવા ગહન અને મન વાણીથી પર ભાવને જાણવો છો તો તેનું રૂપ કલ્પ્યા શીવાય શી રીતે જાણીએ. માટેજ રૂપનું અવલંબન આવશ્યક છે પત્થર એ ભગવાન કેમ? અમુક રીતે દોરેલો લીટો તે "ક" કેમ? કારણ કે આપણે તેને તેવો કલ્પ્યો. (માન્યો). તેમજ પત્થરનું સુંદર રૂપ બનાવી તેમાં પ્રભુભાવ માનીએ તો તે પ્રત્થરજ પ્રભુ બને જેમ લીટો "ક" બને તેમ. માટેજ ભગવાનનું રૂપ કલ્પી તે રૂપ દ્વારા પ્રભુભક્તિ કરીએ તો જરૂર પ્રભુ મળે તલમાં તેલનો ભાવ કરી તલ પીસો તો જરૂર તેમાંથી તેલ નીકળે; અને આપનો ભાવ સાચો થાય; પરંતુ જો રેતીમાં તેલનો ભાવ કરો અને તેને ગમે તેટલી પીસો તો પણ તેમાંથી તેલ નીકળે નહિ. કારણ કે રેતીમાં તેલ હોવું એ આપનો મિથ્યાભાવ છે. પત્થરમાં પ્રભુ ભાવ કરો અને પછી ઉપાસના ધ્યાનાદિ કરો તો પ્રભુ મળે કારણ કે પ્રભુ સર્વ જગ્યાએ છે એટલે પત્થરમાં પણ છે.

તેથીજ તે સાચો ભાવ છે. તેથીજ આપણાં શાસ્ત્રોમાં સગુણોપાસના (દેવોપાસના) ડગલે ને પગલે બતાવેલી છે શ્રી ગીતાજીના ૧૦ મા અધ્યાયમાં पक्षीणां वैनतेयोहं વિગેરે બધામાં હું છું એમ કહે છે પ્રભુ બધે વ્યાપક છે. ધ્યાન યંત્રની મદદથી મેળવો ત્યારે મળે, નામદેવે પ્રભુને પત્થરમાંથી મેળવ્યા. પ્રહલ્લાદે થાંભલામાંથી પ્રભુ મેળવ્યા. દરેક જગ્યાએથી પ્રભુ મેળવી શકાય છે, માત્ર પ્રભુભાવની અને ધ્યાનયંત્રની મદદથી મેળવી શકાય. તલમાંથી તેલ કાઢવું સહેલું છે પણ લાકડીમાંથી તેલ કાઢવું કઠણ છે તેજ રીતે પત્થર થાંભલો ઇત્યાદી જડવસ્તુઓમાંથી પ્રભુ મેળવવા કઠણ છે પરંતુ સૂર્યઆદિ પંચદેવોનાં રૂપોદ્વારા પ્રભુ મેળવવા સહેલા છે: કારણ કે તે પ્રભુ મેળવવાનાં વિશેષ કેન્દ્રો છે ૧૦ મા અધ્યાયમાં અર્જુન પણ પૂછેછે કે केषु केषु च भावेषु चिन्त्योऽसिभगवन्मया

અમારા પ્રાચીન ઋષિમુનીઓએ અમારા ભલાને ખાતર અમારી પ્રકૃતિ અનુસાર જુદાજુદા ઉપાસ્ય દેવો શાસ્ત્રોમાં બતાવ્યા છે. શરીરમાં રોગ શાથી થાય વાત, પિત્ત, કે કફ અથવા તેમાંનું દ્વન્દ, અથવા ત્રણે સાથે અસમાન થાય તો. અથવા પ્રકૃતિમાં ફેરફાર થાય તો વાત વધ્યો હોય તો વાતશમન ઔષધીજ અસરકારક શીઘ્ર રોગ મટાડનારી થાય. પણ વાત વર્ધક ઔષધી યોજાય તો ઉલટો રોગ વધે આ પ્રમાણે ઋષિઓએ જેની જેવી પ્રકૃતિ તેવો તેનો ઉપાસ્ય દેવ મળે માટે મુખ્યત્વે પાંચદેવને મુખ્ય માન્યા છે. શિવ, વિષ્ણુ, સૂર્ય, શક્તિને ગણપતિ.

नभासोऽधिपतिर्विष्णु रग्नेश्चैवमहेश्वरी।
वायोःसूर्यक्षीतेरीशो जीवनस्य गणाधिप ॥

પૃથ્વીના	અધિષ્ઠાતા દેવ શિવ	આકાશના	અધિષ્ઠાતા દેવ વિષ્ણુ
વાયુના	,, ,, સૂર્ય	જલના	,, ,, ગણપતિ

તેજના અધિષ્ઠાત્રી દેવી દુર્ગા

ऋ. मं १ सू ५० मं ४

तरणिर्विश्वदर्शतो ज्योतिष्कृदसि
सूर्य विश्वामाभासि रोचनं

હે સૂર્ય તમે આકાશમાં જનાર છો સમસ્ત વિશ્વને જોવાવાળા છો, ચંદ્રઆદિના કર્તા છો શકલ વસ્તુ જાણને પ્રકાશ કરનાર છો.

न तत्र सूर्यो भाति न चंद्र तारक
नेमाविद्युतो भान्ति कुतोऽयम् अग्निस्तमेव भान्त
मानुभाति सर्व तस्यभासा सर्वमिदं विभाति ॥

ત્યાં (બ્રહ્મની આગળ) સૂર્ય, ચંદ્ર, તારા ને વિજળી પ્રકાશ આપી શકતાં નથી તો અગ્નિનો તો હિસાબ જ શો ? તે બ્રહ્મના પ્રકાશથી જ બધાંએ પ્રકાશ આપે છે ને તેના જ પ્રકાશથી બધુંએ દેખાય છે.

શિવ ભોળા દેવ છે. આશુતોષ છે. જલદી પ્રસન્ન થાય એવા છે એક મૃગલી અત્યંત કષ્ટમાં હતી. પારધીઓએ એક બાજુ અગ્નિ લગાડયો હતો. બીજુ બાજુએ શીકારી કુતરા છોડયા હતા. તેનો પતિ પોતાના પ્રાણ બચાવવા નાસી છૂટયો છે. પોતાનાં બચ્ચાં સાથે, ગર્ભવતી પોતે આ પ્રમાણે ફસાઇ ગઇ છે, નાસતાં નાસતાં તેનો પતિ હરિણ કે જેના પછવાડે પણ થોડા પારધીઓ પડયા છે તે કહે છે.

त्यक्तं जन्मवनं तृणांकुर वती मातेव मुक्ता स्थली।
विश्रान्ति स्थिति हेतवो न गणितो बन्धोपमा पादपः ॥
बालाऽऽपत्ति वियोग कातर मुखी त्यक्तार्ध मार्गे मृगी ।
पश्यंतः पदवीमकरुणः व्याधा न मुञ्चंति माम् ॥

જન્મ વન કે જ્યાં લીલા ઘાસથી હરીયાલી માતાની જેમ પોષણ આપનારી જમીન છોડી દીધી. સુખ દુઃખની સહાય અને

સગાભાઇ જેવાં વૃક્ષોને પણ છેલ્લી સલામ ભર્યા શિવાય ચાલી નીકળ્યો ગર્ભિણી અને વિયોગથી દીન મુખમુદ્રાવાળી અર્ધાંગનાને પણ અર્ધે માર્ગે મૂકીને નાઠો તોપણ ક્રૂર પારધીઓ હજુએ મારે પગલે પગલે આવીને મારો પીછો છોડતા નથી. (જેમ પારધીઓ આ હરણ પાછળ પડયા છે તેમ મૃત્યુ (કાળ) પાણી માત્રની પાછળ પડેલું છે. તમે ગમે તેટલા સુખમાં હો કે દુઃખમાં હો પણ મરણ છોડવાનું નથી, માટે ઇશ્વર પ્રાર્થના ચાલુ રાખો) હવે હરણી હરિણને પોતાના પતિને કહે છે. તમે તો તમારો જીવ બચાવી, નાસી છૂટયા પણ બતાવો હું શું કરૂં કયાં જાઉં.

अग्रे व्याधा कर धृतशरा पार्श्वतो जालमाला।
पृष्टे वह्नि र्दहति नितरां सन्निद्धौ सारमेया॥

एणी गर्भादलस गमना शावकैः रुद्ध पादा।
चिंता विष्टा वदति हरिणं किं करोमि क्व यामि॥

आदाय मांसमखिलं स्तन वर्जमंगाद्।
मां मुञ्चवागुरिक यामि कुरु प्रसादम्॥

सीदंति शष्प कवल ग्रहणानभिज्ञा।
ममर्मार्गे वीक्षणपरा शीशभो मदीया॥

મૃગા પારધીને કહે છે કે હે ભાઇ મારાં સ્તનો શિવાય મારા શરીરના બીજા ભાગોમાંથી તું ભલે માંસ લઇ લે પણ મને છોડી દે એટલી દયા કર. કારણ કે મારાં નાનાં બચ્ચાં જે હજુ ઘાસ ખાતાં શીખ્યાં નથી. અને જે મારા રસ્તાપર મીંટ માંડીને જોઇ રહ્યાં હશે તે દુઃખી થતાં હશે. પણ પારધીઓ હાથ આવેલા શીકારને કંઇ એમ જવા દે ખરા? છેવટે ચારે બાજુએથી તંગ થઇ જતાં હરણીએ આર્ત

સ્વરથી પ્રભુનું સ્મરણ કરવા માંડયું. અને જ્યારે ખરા ભાવથી પ્રભુને યાદ કર્યા એટલે પ્રભુ તેની વ્હારે ધાયા, અને તેનાં બધાં કષ્ટો કેવી રીતે દૂર થયાં જૂઓ.

धन्यो धर्मः शमीत ज्वलनः गर्जिता मेघमाला।
चण्डं चण्डं चलति पवनः छेदिता जालमाला ॥
नष्टो व्याधो भुजगदशनात्[illegible]ः सारमेयाः।
मन्दं मन्दं चलति हरिणी साधु सद्यो विधाता ॥

ઓચિંતાનાં વાદળાં ચઢી આવ્યાં ને વરસાદ તૂટી પડયો એટલે અગ્નિ હોલવાઇ ગયો સાથે સાથે પવન પણ ખૂબ વાવા લાગ્યો, તેથી જાળો બધી તૂટી ગઇ. પારધીને સાપ કરડયો. વિજળી પડવાથી કૂતરાઓ નાશ પામ્યા. અને તે હરિણી ધીમે ધીમે પોતાના રહેઠાણ તરફ જવા લાગી માટે પ્રભુ કૃપા થાય તોજ મોહ બંધનો તૂટે અંતઃકરણ શુદ્ધ થાય અને પ્રભુને પમાય માટે પ્રભુની ખરા ભાવથી ભક્તિ ઉપાસના કરો પાંચ દેવોમાંથી જે તમને રૂચે તે દેવની ઉપાસના કરે. જ્યાં સુધી શરીર (દેહ ઇન્દ્રિય, મન આદિ) છે ત્યાં સુધી ઉન્નતિ કે અવનતિની સાધના થઇ શકે છે. ઉન્નતિ માટે પોતાની પ્રકૃતિ અનુસાર પંચ દેવોમાંથી એકની ઉપાસના કરવી જરૂરી છે.

આ પ્રમાણે દરેક જીવ આ સંસારમાં ચારે બાજુથી સ્વકર્માનુસાર ઘેરાએલો છે. આસન્ન મૃત્યુ સમયે સ્થુલને સૂક્ષ્મ શરીરનો જ્યારે વિયોગ થાય છે ત્યારે સારાં કર્મ વાળાનો જીવ સહેલાઇથી જતાં આપણે જોઇએ છીએ અને હલકાં કર્મ કરનારાઓનો જીવ અસહ્ય કષ્ટ ભોગવીને પરાણે પરાણે જાય છે. આનું કારણ મૃત્યુ સમયે નવો જન્મ જેવો મળવાનો હોય તેનો દેખાવ રજુ થાય છે જેને સારો જન્મ મળવાનો હોય તે સહેલાઇથી નવા જન્મને અંગી-

કાર કરે છે પરન્તુ જેને ખરાબ જન્મ મળવાનો હોય તે તેવો દેખાવ જોતાંજ અત્યંત ગભરાય છે ને દુઃખી થતો દેહ છોડવાને આનાકાની કરે છે ત્યારેજ પશ્ચાતાપ થાય છે કે.

" किमहं साधु ना करवम्, किमहं पापमकरवम् "

મૃત્યુ સમયે એક બાજુ રોગ દુઃખ વિગેરે અસહ્ય પીડા આપી રહ્યાં હોય છે બીજી બાજુ સ્ત્રી છોકરાં સગાં સંબંધી રોકકળ કરી રહ્યાં છે આવે વખતે આગળના દૃષ્ટાંતમાં જેમ હરણીએ આર્તસ્વરથી ઇશ્વરની પ્રાર્થના કરી તેમ પ્રાર્થના કરે તો જરૂર પ્રભુ મુક્તિ આપે જ.

अंतकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरं।
यः प्रयाति समद्भावं यात्येवात्रनशंसयः ॥

માટે અંતકાલનું ખરા ભાવથી કહેવાએલું એકજ રામનામ બધાં પાપોને નાશ કરી સદ્‌ગતિ આપનારૂ નિવડે છે એમ ભગવાન પણ ગીતામાં કહે છે પણ આ નામનો આખી જીંદગી ઉચ્ચાર ન કર્યો હોય તો અંત સમયે રામ નામ દેવામાં બીજા સંસારીક ભાવો આવી જવા સંભવ છે એક વૈશ્ય શેઠ હતા તેમના જમાઇનું નામ "રામ" હતું. લોકો શેઠને કહેતા કે રામ નામ દો. શેઠ કહેતા કે રામનામ દઊં તો દયાળુને ભગતમાં ગણાઊં ને યાચકોના ત્રાસનું પાત્ર બનુ તેમજ ધન ખોઊં માટે મરતી વખતે નામ દઇશ જ્યારે મરવાનો વખત આવ્યો ત્યારે લોકોએ રામનામ કહેવા કહ્યું પણ જન્મારાના સંસ્કાર નહિ તેથી બીજી જ વાતો કહેવા લાગ્યા છેવટે તેમના જમાઇને આગળ ધરી તેમનું નામ પૂછ્યું એટલા માટે કે જમાઇનું નામ દેતાં પણ રામનામ આવવાથી શેઠનું કલ્યાણ થાય પણ શેઠનો ઉત્તર જુદોજ હતો. તમે બધા મારી પાછળ કેમ

પડયા છે। ? આ મારા જમાઇ છે હું કાંઈ ભૂલ્યો નથી ? આ પ્રમાણે રામ નામ મુખપર નાજ વસ્યુ.

જ્યારે ઊંઘમાં હોઇએ છીએ ત્યારની આપણી દશામાં જાગૃત અવસ્થાનાં કર્તવ્યોનું ચિત્ર સ્વપ્ન રૂપે ખડું થાય છે. મરણ વખતની તે આપણી પરાધીન અવસ્થામાં પણ જીંદગીની જાગૃત અવસ્થાનાં કૃત્યોનું ચિત્ર ખડુ થાય છે તેથી આખી જીંદગી જે કાંઇ અભ્યાસ વધુ હોય તેજ છેલ્લી ઘડીએ સમક્ષ આવી રહે છે "मरणे या मति सा गति" આ પ્રમાણે મરણ વખતે સારી ગતિ મળે એટલા માટે આખીએ જીંદગી સારી મતિ એટલે પ્રભુ ભક્તિને પ્રભુપ્રેમ સતત્ કરતા રહેવું જોઇએ. કે જેથી અંત સમય પણ સુધરે નહીતર એક ધનીકના જેમ થઇ જાય, એક ધની કે કોઇ મહાત્માના ઉપદેશથી રૂા. દશહજાર દાન કરવાના નિમિત્તે કાઢયા પરન્તુ ધનના મોહથી પોતાના હાથે તેનું દાન કરી શકયા નહી: સહર્ષ રૂપીઆ શેઠે દીવાલમાં રાખ્યા હતા. શેઠના અંત સમયે સગાંવહાલાં તથા ભાજાઓએ તે રૂપીઆ શેઠના હાથે દાન થાય તેવી ઇચ્છા દેખાડી શેઠની મરજી દાન કરવાની થઇ પણ જીભ બંધ થયેલી તેથી દિવાલ તરફ કે જ્યાં રૂપીઆ હતા ત્યાં આંગળી કરી અને આમાંથી રૂપીઆ કાઢી દાન કરો આવો ઇસારો કર્યો: છોકરાઓને લોકોએ આ વાત કરી પરન્તુ છોકરાઓ દાન કરવાને રાજી ન હોવાથી છોકરાઓએ કહ્યું કે કોઇ દાનનું નામ ન લેશો, નહિ તો અમારા પિતા દીવાલ બતાવી એમ કહે છે કે આ દિવાલ સાથે માથું પછાડી મરી જઇશ, કેવા ઊલટો જવાબ માટે હાથે તે સાથે એ નિયમ પ્રમાણે ભક્તિને દાન જાતેજ કરવાં.

ઉન્નતિ માટે પંચ દેવોમાંથી પ્રકૃતિ અનુસાર ગમે તે એકની ઉપાસના કરવી જરૂરી છે. જલની જેમ ચંચળ હોવ તો જલના

અધિષ્ઠાતા દેવ ગણેશની ઉપાસના કરો પાર્વતીજી બેઠાં હતાં ગણેશ અને કાર્તિકેય રમતા હતા ગણેશ રોતા હતા.

हे हे रम्ब किमम्ब रोदिषि कथं कर्णे लुठत्यग्निभूः।
किंतेस्कन्द विचेष्टितं ममपुरा संख्या कृता चक्षुर्षां ॥
नैतत्ते [illegible] चितं गजास्य नासां मिमीत्यम्बमे ।
ताविथ्थं सहसाविलोक्य हसित व्यग्रा [illegible] वः ॥

ऋ. सू ४३ मं १

कद्रुद्राय प्रचेतसे मीळहुष्ट[illegible] तव्यसे वोचेम शंतमं हृदे

ક્યારે, પ્રકૃષ્ટ જ્ઞાનવાળા અમારા હૃદયમાં રહેલા ને અતિશય વૃદ્ધિકારી તથા ઘણી ઇચ્છાઓ પુરી કરનારનું અતિશય સુખાકારી સ્તોત્રને બોલી શું?

જેને દીર્ઘ ચરણ છે. જેનું બહુ જણ ગાન કરે છે ત્રણ પગ, ચાર હાથ, રહેવાનું ક્ષીર સમુદ્ર આભૂષણ કૌસ્તુભમણિ શંખ ચક્ર ગદા ને પદ્મ, કેમ છે તે હવે પછી જોઇશુ.

वृष्णे—કામનાઓ પુરનાર.

प्रविष्णवे शूषमेतु मन्म गिरिक्षित उरुगायाय वृष्णे।
यइदं दीर्घं प्रयतं सधस्थमेको विममे त्रिभिरित्पदेभिः॥

એ પ્રમાણે મનન કરવા લાયક, વાણીમાં રહેનાર, ને જેનાં ઘણા ગાન કરે છે, મનોરથને પુરનાર, સર્વવ્યાપિ વિષ્ણુને મનન યોગ્ય બળ હો જેમણે એકલાએ ત્રણ પગલામાં ત્રણે લોકને માપી લીધા.

सत् चिद् आनन्द—એ બ્રહ્મ છે ને તેજ મુક્તિ આપનાર છે વિષ્ણુની ચરણરજ લેવાથી મુક્તિ મળે છે તે બીજું કાંઇજ નહિ

પણ સત્ ચિદ્ અને આનન્દને સ્પર્શ કરવાથીજ મુક્તિ મળે તે ભાવ છે. આપણે દોડતાં પૃથ્વીપર પડી જઇએ તો ઉભા થવા માટે હાથને પૃથ્વીપર ટેકયા પછી ઊભા થવાય છે. તેવી રીતે આ દુનીઆમાં ફસાયા પછી (નામરૂપમાં પડયા પછી) જો તેમાંથી નીકળવું હોય તો આપણે સંસારનાં નામ રૂપને છોડી દઇએ ને પ્રભુના દિવ્ય નામ રૂપનો આશ્રય લઈએ તો સંસારના નામ રૂપમાંથી છુટાય સાધુ ફાટેલાં લુગડાં પહેરી જંગલમાં બેઠા હોય છે વખતે ખાવાનું મળે છે અને વખતે નથી પણ મળતું છતાં તે પોતાની સ્થિતિમાં અપૂર્વ આનન્દ માને છે કોઇ ગૃહસ્થની આવી સ્થીતિ થાય તો તેને કેટલું કષ્ટ થાય? આમ થવાનું કારણ શું? સ્થિતિ એકજ છે પણ તે વિશે બન્નેના જુદા જુદા ભાવ છે. માટેજ કાલ્પનિક ભાવ છોડીને સત્ય ભાવથી વિષ્ણુમાં દેવ ભાવ કરો તો વિષ્ણુથી જ પરબ્રહ્મને પામશો. દૃષ્ટાંત–ધનો નામે એક ભલો ભોળો પાટીદાર હતો ત્રિલોચન નામે બ્રાહ્મણ તેનો ગુરૂ હતો તે પાઠ પુજા ગાયત્રી વિગેરે કરતો હતો પણ પુરો પ્રેમ પ્રભુમાં ન હતો. આ પાટીદાર આવું કશું જાણતો ન હતો પરંતુ તેનામાં પુરી શ્રદ્ધા અને ખરી ભક્તિ હતાં ધનાએ તેને જોયો ને પૃછયું શા માટે આમ કરો છો? ત્રિલોચને કહ્યું ભગવાન મળે માટે; તો મને પણ એક મૂર્તિ આપો? અને તેથી તે બ્રાહ્મણે પોતાના ઘરમાં એક દશશેરો પડયો હતો તેને આ મોટા દેવ છે એમ કરીને આપ્યો તેણે પુરા પ્રેમથી ભોગ લગાવ્યા પણ પ્રભુ જમવા ના આવ્યા; હઠ લીધી અને છેવટે પ્રભુ ના જમે તો આત્મઘાત કરવા તૈયાર થયો તેથી તે પ્રભુને પામ્યો અને પોતાના ગુરૂને પણ પ્રભુ મેળવી આપ્યા આમાં ધનાનો સત્ય ભાવ હતો અને ત્રિલોચનનો કાલ્પનિક ભાવ હતો. દોરડામાં સર્પ ભાવ

તે કાલ્પનિક ભાવ; માટીમાં આટાનો ભાવ તે કાલ્પનિક ભાવ. માણુસ એકજ હોય છે પરંતુ તેમાં બાપ, ભાઇ, પુત્ર, પતિ, શેઠ, ચાકર એવા અનેક ભાવો જુદા જુદા સંસર્ગ (સંબંધો) ને લઇને કલ્પાય છે પરંતુ માણુસ તો એકજ છે. સત્ય વસ્તુ તે એકજ અને માણુસ છે. જેમ તે માણુસની સાથે જુદી જુદી વ્યકિતઓ જુદાં જુદાં સંબોધનો કરે છે પરંતુ તે બધાં સંબોધનોનું સ્થાન તે માણુસ એકજ હોય છે તેવીજ રીતે જુદા જુદા દેવો એકજ બ્રહ્મને પામવાના નામો છે. તે દ્વારા તે એકજ બ્રહ્મને મળી શકાય અકબરે બીરબલને એક વખત કહ્યું હતું કે અય બીરબલ તમારામાં પંચ દેવો શા માટે છે? બીરબલે કહ્યું જનાબ યમુના કિનારે સેલ કરવા ચલો; ત્યાં બીરબલે એક એકથી ચઢીયાતી પાંચ નૌકાઓ તૈયાર રખાવી હતી, બાદશાહે સારામાં સારી નૌકા યમુના પાર કરવા પસંદ કરી, તેમાં બેસી પેલેપાર ગયા, પછી બીરબલે કહ્યું નામદાર આપને કયોં આ નૌકા પસંદ કરી? બાદશાહે કહ્યું અહિં પાંચ નૌકાઓ હતી તેમાંથી મેં મારી રૂચિ અનુસાર એક પસંદ કરી તેવી જ રીતે અમારે પણ પાંચ મુખ્ય દેવો છે તેમાંથી ગમે તે દેવને પસંદ કરી તેની ભકિત કરી તે દ્વારા મોક્ષ મેળવી શકીએ છીએ પરંતુ જો એકજ દેવ હોય અને તે પોતાની પ્રકૃતિ અનુસાર ન હોય તો તેને બિચારાને તો મુકિત દુર્લભ જ થઇ પડે ને?

उद्यतकोटिदिवाकराभमनीषं शंखं गदा पंकजं।
चक्रं बिभ्रतमिंदीरा वसुमती शंशो विपार्श्वद्वयं ॥
कोटीरागंदहारकुण्डलधरं पीतांबर कौस्तुभो।
दीप्तं विश्वधरं सवक्षसि लसच्छ्री वत्सचिन्हं भजे ॥

જેનું તેજ કરોડો સામટા ઉગેલા સૂર્ય સમાન છે, જે

શંખ, ચક્ર, ગદા, પદ્મને ધારણ કરે છે, જેના બે પાર્શ્વદ લક્ષ્મી અને પૃથ્વી છે તેજ, પ્રકાશચક્ર, અંગદ, હાર ને કુણ્ડલ ધારણ કરનાર, પિતામ્બર અને કૌસ્તુભ પહેરનાર, પ્રકાશમાન, વિશ્વને ધારણ કરનાર ને જેની છાતીપર પ્રકાશમાન લક્ષ્મીનું ચિહ્ન છે તેવા વિષ્ણુને હું ભજું છું.

વિષ્ણુ ભગવાનને ચાર હાથ કેમ છે? હિંદુ ધર્મમાં પુરૂષાર્થ ચાર પ્રકારના છે. આશ્રમ ચાર પ્રકારના છે. જાતિ ચાર છે યુગ ચાર છે. આ બધાં ચતુષ્ટયોને સંપૂર્ણ સંભાળનાર પોષણ કરનાર દેવને ચાર હાથ હોય તો તેમાં નવાઇશું? વિષ્ણુ ભગવાનના ચાર હાથમા શંખ, ચક્ર, ગદા, પદ્મ કેમ છે? તે દરેક ચિન્હનું શું રહસ્ય છે? શંખ ધર્મનો સૂચક છે સાત્વિકતાનો સૂચક છે જેમ ધર્મ અને સાત્વિકતા સફેદ છે તેમ શંખ પણ સફેદ છે જેમ ધર્મ અભય અને અહિંસાની મૂર્તિ છે તેમ શંખ પણ અભય અને અહિંસા સૂચક મંગળ ચિન્હ છે. શંખ એમ બતાવે છે કે તમો કપટ રહિત થઇ મારી વિષ્ણુની તરફ ધર્મભાવથી આવશો તો હું તમારી સંભાળ લઇશ મુક્તિ આપીશ. ચક્ર—અર્થ (ધન) સૂચક છે. ધનેષ્સા એવી ચીજ છે કે એકવાર તેના ચક્કરમાં ફસાયા તો ફરી તેમાંથી છૂટવું મુશ્કેલ છે પણ આ ચક્ર વડે (ધનવડે) જ મુક્તિ પણ મળી શકે છે.

સત્વ ગુણમાંથી પ્રકાશ આવે છે, રજોગુણમાં ક્રિયા હોય છે, તમો ગુણમાં આવરણ હોય છે, માયાના ત્રણ ગુણ છે સત્વ રજ અને તમ. સત્વના અધિષ્ઠાતા દેવ શ્રી વિષ્ણુ છે, સત્વગુણ પ્રકાશનો ખજાનો છે તેથી તેના દેવ પણ અત્યંત પ્રકાશમાન છે કારણ કે સત્વગુણના શાસક અને સંચાલક વિષ્ણુનું રૂપ કરોડો સૂર્ય જેવું હોય તે બરાબર છે. પ્રવૃત્તિ ધર્મ અને નિવૃત્તિ ધર્મ-એમ ધર્મના

બે પ્રકાર છે પ્રવૃત્તિ ધર્મ ગાર્હસ્થ્ય આશ્રમમાં હોય છે અને બ્રહ્મચર્યાશ્રમ એ આ પ્રવૃત્તિ ધર્મની ટ્રેનીંગ કૉલેજ છે, જો બ્રહ્મચર્યાશ્રમ સારો હોય તો જ ગૃહસ્થાશ્રમ પણ સારો નિવડે. નિવૃત્તિ ધર્મમાં સંન્યાસાશ્રમ મુખ્ય છે અને વાનપ્રસ્થાશ્રમ તે સંન્યાસાશ્રમની ટ્રેનીંગ કૉલેજ છે. ગૃહસ્થાશ્રમમાં સંસારીક સુખ દુઃખો અનુભવીને. મન તેમાંથી પાછું વળવાની ઇચ્છા કરે છે. અને તે વાનપ્રસ્થાશ્રમમાં અર્ધું સંસાર તરફ અને અર્ધું સંન્યાસ તરફ શંકાશીલ રહે છે; અને સંન્યાસાશ્રમમાં કેવળ પ્રભુ તરફ મન વળીને સંસારને છોડી દે છે.

ત્રણે ગુણની ચાર સ્થિતિઓ છે. ૧. આદિ ૨. આદિ અને મધ્યની સંધી ૩. મધ્યને અંતની સંધી અને ૪. અંત. જેનું અંતઃકરણ તામસી હોય તેમાં દોષો બહુ હોય છે મુખ્યત્વે કામ વધારે હોય છે અને તે શુદ્ર યોનિમાં વધારે જોવામાં આવે છે એટલા માટે તે યોનિ માટે શાસ્ત્રોમાં સેવાધર્મ બતાવ્યો છે. કારણ કે સેવાધર્મ રહે તો એકાંત બહુ ઓછી રહે અને એકાંત ઓછી રહે તો કામ ઓછો રહે માટેજ સેવા ધર્મને सेवाधर्मः परमगहनो योगी नामप्य गम्यः" વર્ણવ્યો છે. શ્રી વિષ્ણુના, હાથમાં ગદા છે તે એમ સુચન કરે છે કે જો તમે સંસારમાં રહી, વિષય વાસનાઓમા ફસ્યા રહ્યા તો આ ગદાથી તમારા ચુરેચુરા કરીશ. પરન્તુ વિષય વાસના છોડવાનો પ્રયત્ન કરશો તો આજ ગદા તમારૂ રક્ષણ કરશે.

વૈશ્યમાં રજને તમની સંધિ છે તેની મુખ્ય ઇચ્છા ખુબ પ્રયત્ન કરી ધન મેળવવાની હોય છે. તેના હૃદયમા વિષય વાસના ધનવાસના કરતાં ઓછી હોય છે કારણ કે જો વિષયવાસના રહે તો ધન ન મળે. ધન મેળવવામાં અસત્ય બોલો તો પાપ લાગે અને પાપ ન

પણ લાગે. જો ધન સ્ત્રી પુત્ર તથા ભોગો માટે અસત્યથી એકઠું કરવામાં આવે તો જરૂર પાપ લાગે જ ધર્મ માટે કદાચ ભૂલને લઇને અસત્યથી પણ ધન એકઠું થયું હોય અને તેજ માર્ગે તે ધન અસંગ રહીને વાપરો તો પાપ ન લાગે ઉદાહરણ ભામાશા મંત્રિએ પોતાનું પેઢી દરપેઢીથી એકઠું કરેલું તમામ ધન રાણા પ્રતાપને ચરણે ધરી દીધું, અને ધર્મ તથા રાષ્ટ્રનું તે દ્વારા રક્ષણ કરાવ્યું. આવું ધન એકઠું કરવામાં થોડુંક જુઠ કે પાપ થયું હોય તો તે દ્વારા થતા પુણ્યના પ્રભાવમાં દબાઇ જાય છે. ધનનું સુચક સુદર્શન ચક્ર છે. ધન સારૂ લાગે છે પણ તેમાં ફસાયા તો નીકળવું ભારે પડે છે. ચક્ર એમ સુચવે છે કે ધન લાલસાના ચક્રમાં ફસાયા તો નીકળવું ભારે પડશે. પણ જો ધનને દેશ, નીતિ અને ધર્મ માટે વાપરશો તો એવી શક્તિ આવશે કે જેની સામે કોઇ ટકી શકશે નહિ. જેમ વિષ્ણુના ચક્ર સામે કોઇ ટકી શકતું નથી. ધનને માટે સારો ભાવ રાખી સારા માર્ગે વાપરશો તો તે ધન ઉન્નતિને માર્ગે લઇ જનારૂં થઇ પડશે અને જો તેને ભોગોમાં અને એવી ભળતી જગાઓએ વાપરશો તો તે અવનતિ કરનારૂ થઇ પડશે. કોઇ પણ વસ્તુને બરાબર ઓળખવા માટે ચાર વસ્તુની મદદ જોઇએ છીએ. ઇન્દ્રિય, વિષય, મનોવૃત્તિ, ને ભાવ. છોકરાનું ચિત્ર હોય પણ નજર તે તરફ ન હોય તો ન દેખાય; નજર તે તરફ હોય છતાં તેમાં મનોવૃત્તિ ન હોય તો તે ન દેખાય. બન્ને હોવા છતાં ભાવ ન હોય તો તેની પુરેપુરી થવી જોઇતી અસર થાય નહિ. જેમકે પોતાના પુત્રનું ચિત્ર જોતાં પિતાને જે સ્નેહ ઉત્પન્ન થાય તે બીજા જોનારને ન થાય. આમાં વિષય ઇન્દ્રિય અને મન બન્ને પક્ષે સમાન છે છતાં ભાવ વત્તો ઓછો થાય છે.

नसंसारोत्पन्नं चरितमनुपश्यामि कुशलं।
विपाकः पुण्यानां जनयति भयं मे विमृशतः॥
महद्भिः पुण्यौघैः चिरपरिगृहीताश्च विषयाः।
महान्तो जायन्ते व्यसनमिव दातु विषयिणां॥

સંસારમાં ઉત્પન્ન થએલુ ચરિત મને સારૂં જણાતું નથી. વિચાર કરવા યોગ્ય પુણ્યોનું પરિણામ મને ભય પમાડે છે ઘણાજ પુણ્યના ઢગલાથી ભોગોને વિષયો ઘણાજ વધારે મળે છે તે તેથી આખરે વધારે દુઃખજ થાય છે જે પુણ્યથી મળતા ભોગોને સંસારીઓ સુખરૂપ માને છે જ્યારે તેજ ભોગોને ભર્તૃહરિ જેવા મહા પુરૂષો દુઃખરૂપ માને છે આ ભાવનું કારણ છે. એક ભરવાડ બાઇ પિતાના કહેવા પ્રમાણે દુધમાં પાણી નાંખવામાં લાભ સમજી તેવા ભાવથી પાણી નાંખતી પણ મહાત્માની વાણી એક દિવસ સાંભળવાથી ને તેનો ભાવ સમજવાથી તેણે પાણી નાંખવું છોડી દીધું પ્રથમ પાણી નાખવું તે લાભકારી હતું પણ તેનેજ તે પાપ સમાન લાગવા માંડયું આમ ભાવ ફેરને લઇને થયું.

શંખ—સફેદ છે મંગળકારી છે, મંદીરોમાં પારાયણોમાં ભગવદ અર્ચને વિગેરે મંગળ કાર્યોમાં શંખ વગાડવામાં આવે છે શંખનો રંગ સફેદ છે. ધર્મને પુણ્યનો રંગ (કીર્તિ—પથ) પણ સફેદ વર્ણવેલો છે.**यथा यथा ते यशो भोज विवर्धते शीतां त्रिलोकी मिवकर्तु मुद्यतं।** આ બતાવે છે કે કીર્તિનો રંગ પણ સફેત છે. જે ઓ ધર્માત્મા છે તેઓની કીર્તિ જરૂર દિગન્તમાં ફેલાય છે; જેઓ શંખની માફક સફેત એટલે કપટ રહીત ધર્માત્મા હોય તેજ મારી પાસે આવી શકશે અને પુરી અંતઃકરણની શુદ્ધિ હશે તો શંખની માફક મારી પાસે કાયમ રહી શકશે. દૃષ્ટાંત ત્રણ બ્રાહ્મણ બાઇઓમાં

નાનો ધર્માત્મા હતો, મોટાભાઇને બાપ સમાન અને ભાભીઓને માતા સમાન ગણુતો હતો. પોતે સ્વરૂપે ઘણો સુંદર હતો તેની ભાભીઓ તેના ઉપર મોહ પામી પણ આ તેમની જાળમાં ફસાયો નહી જેથી તેની ભાભીઓએ તેના વિશે તેના મોટાભાઇઓના મનમાં ઊંધું ભરાવ્યું જેથી તેના મોટાભાઇએ તેને ખેતરમાંના એક દર કે જેમાં મોટો સાપ રહેતો હતો, તે ખોદવાની આજ્ઞા આપી. આને મોટા ભાઇની આજ્ઞા એજ કર્તવ્ય હોવાથી તરત ચાલી નીકળ્યો અને ખોદતાં સાપના બદલે તેને સારૂ ધન હાથ લાગ્યું. ત્યાંથી તે સીધો બીજે જ ગામ જઇ રહ્યો તે આનન્દપૂર્વક પોતાના દીવસો પસાર કરવા લાગ્યો. ભાવ એટલો છેકે જે ધર્માત્મા હોય તેનું મંગળ જ થાય છે. જેઓ શંખ જેવા સ્વચ્છ અંતઃકરણવાળા હોય છે તેઓજ રાષ્ટ્ર, ધર્મ, જાતિને કુળને ઉજ્જવળ કરે છે જેમ સ્વામી રામતીર્થ અને વિવેકાનન્દે દેશ ધર્મને જાતિને ઉજવળ કર્યા તેમ. કુતુબુદ્દીને ચિતોડ ઉપર ચઢાઇ કરી તે વખતે પાટણ નરેશની પુત્રીને ચિતોડના રાવત સંગ્રામસીંહના પત્નિ કર્મદેવીએ તેનું આક્રમણ સફળતા પૂર્વક પાછું હઠાવ્યું હતું તેમજ ચિતોડમાં જયમલના મરણ પછી છેવટના ઘેરા વખતે અસંખ્ય ક્ષત્રિયાણિઓએ પોતાનાં જીવન ઉજવળ યશને ધર્મસારૂ સળગતી આગમાં હોમી દીધાં હતાં આ બધુ રાષ્ટ્રને, ધર્મની સ્વચ્છતા માટેજ. આ જ શંખનું સુચન છે.

એક ગૃહસ્થના ચાર દ્વારવાળા મહેલમાં દરેક દ્વારે અન્નક્ષેત્ર હતું એક વખતે એક મહાત્માએ તે ગૃહસ્થને પૂછ્યું કે

પ્ર. "ચારેદ્વારે દેત હો. કરકે નીચે નેન
કહાતે શાખેહો યહવિધકો યહદેન."

ઊ. સાંઇ સબકો દેતહે, પોખતહે દિનરેન
લોકનામ મેરો કહે, તાતે નીચે નેન.

આ ગૃહસ્થ બીજો કોઇ નહી પણ વિષ્ણુ ભગવાન છે. જે પોતાના ચારે હાથથી ચારે પુરૂષાર્થોને આપતાં છતાં ભૃગુ જેવા મહાત્માઓ છાતીમાં લાત મારે ત્યારે નમ્રતા પૂર્વક પગને તળાંસે છે. કે રખેને પગને ઇજા થઇ હોય. દાતાઓમાં ઘણે ભાગે આવો નમ્રતાનો ગુણુ આવીજ જાય છે. કમળ પ્રસન્નતા તથા આનન્દ સૂચવે છે. નિર્લેપતાનો ભાવ પણ તેમાં છે ઊત્પત્તિ સ્થાનનો ભાવ તેમાં છે. વાયુ સુગંધને બ્રહ્માંડમાં ફેલાવે છે, ભમરાઓ કમળ પાસે સુગંધ માટે જાય છે ને તેને કમળમાંથી મેળવે છે. તેવીજ રીતે મુમુક્ષુઓ મુક્તિ માટે કમળ પાસે (વિષ્ણુ પાસે) જઇને તે મેળવે છે.

एवं एवं विधि पापकर्म न संश्लिष्यते
तद्यथा पुष्कर पलाशापो न संश्लिष्यन्त

જેવી રીતે કમળને પાણી સ્પર્શ કરી શકતું નથી. તેવી રીતે જ્ઞાનીને પાપ ને કર્મ સ્પર્શ કરી શકતાં નથી. તમે મારી પાસે આવશો તો તમને હું કમળમય બનાવીશ. (મુક્તિ અપાવીશ) અને પાપથી અલિપ્ત રહેશો. તમે બ્રહ્મમય થઇ જશો. એટલે બીજા મુમુક્ષુઓ (ભમરાઓ) બ્રહ્મરૂપી અમૃતનું પાન કરવા આવશે. કમળથી જેમ દરેક પ્રસન્નતા પામે છે તેમ તમે મારી પાસે આવશો તો જરૂર પ્રસન્નતા પામશો (શાન્તિ મેળવશો.)

"જગત્પૂજ્ય શ્રી રામ હું છું. ઇસામસીહિ હુંજ છું" એમ સ્વામી રામતિર્થ પોતાના ફૈજાબાદમાં આપેલા એક વ્યાખ્યાનમાં બોલ્યા હતા. આ સાંભળીને કોઇ યવનોને ખોટું લાગ્યું. કાજીએ ફતવો

કાઢયો કે આ ધર્મ વિરૂદ્ધ છે. બીજે દિવસે કેટલાક ઉશ્કેરાયેલા; ને સ્વામીજીને સામનો કરવાની બુદ્ધિવાળા યવનોને લઇને કાજી સ્વામીજી પાસે આવ્યા. પરંતુ માત્ર સ્વામીજીના તેજ, ને, પ્રભાવને લઇ કાજીનું માંથું નમી ગયું. અને શાગિર્દ બન્યા અને યવનો પણ કંઇ બોલી શક્યા નહિ મોરથી સાપની રક્ષા; બીલાડીથી ઉંદરની રક્ષા જેવી રીતે થાય તેમ, અહિંસાના પ્રભાવથી થયું

अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः ।

અહિંસા પુરેપુરી પળાયતો તેની સમીપમાં સ્વાભાવિક વેર પણ દુર થાય છે સર્વ સંસાર કમળમાંથી ઊત્પન્ન થાય છે કારણ કે સંસારના ઉત્પન્ન કર્તા બ્રહ્માજી પણ કમળમાંથી ઉત્પન્ન થયા છે માટે કમળનો ભાવ સંસારને છોડી મૂળ (કમળ) તરફ આવશો તો મુકિત મળશે એવો છે.

ब्रह्मविद् ब्रह्मैव भवति । यं यं लोकं मनसो संविभाति, विशुद्ध सत्वः कामयते यांश्च कामान् । तं तं लोकं जयते तांश्च कामांस्तस्मादात्मज्ञं ह्यर्चयेद्भूति कामः ॥

"જે જે લોક ને કામનાઓની શુદ્ધ હૃદયથી ઇચ્છા કરે તે તે લોક અને કામનાઓને મેળવે છે તેટલાજ માટે કામનાઓની ઇચ્છા રાખનારાઓ એ આત્મજ્ઞાનીની પૂજા કરવી" આ બતાવે છે કે જ્ઞાનીમાં તમામ શક્તિઓ છે. કમળજ્ઞાનનું સુચક છે માટે કમળમાં બધી શક્તિઓ છે. ખરો તત્વજ્ઞાની બધાને કૃતજ્ઞતા ભાવથી અને નમ્રભાવથી જુએ છે.

मातर् मेदिनी तात मारुत तेजः स्वरवा सुबंधो जल ।
भातर् व्योम निबद्धएष भवतामग्रे प्रणामांजलिः ॥

युष्मत्संगवशात्प्रजात सुकृतोद्रेक स्फुरन्निर्मल।
ज्ञानापास्त समस्त मोह महिमा लीये परे ब्रह्मणि ॥

હે માતા પૃથ્વી ! હે તાત મારૂત ! હે મિત્ર તેજ ! હે સુહૃદ જલ ! હે ભાઇ આકાશ તમો બધાને હું આ છેલ્લા પ્રણામ કરૂં છું. તમારા સાથમાં રહીને જે મારાં સુકૃતોએ મને શુદ્ધ પ્રકાશમાન જ્ઞાન મળ્યું કે જેથી મારાં સમસ્ત મોહ બન્ધનો તુટીગયાં તે હવે હું પરબ્રહ્મમાં એકતા પામું છું. સંસારમાં ત્રણ શક્તિઓ કામ કરી રહી છે. ઊત્પત્તિ તે આકર્ષણ, સ્થિતિ તે આકર્ષણ ને વિકર્ષણ એકઠી; ને પ્રલય અથવા વિકર્ષણ શક્તિ. નાનપણમાં શરીર વધે છે, તે આકર્ષણ શકિતથી; ઘડપણમાં શરીર ક્ષીણ થાય છે, તે વિકર્ષણ શકિતથી; ને યુવાનીમાં એક સરખું રહે છે. તે બન્ને શકિતઓના સમભાવથી ને તે રજોગુણનું રૂપ છે, વિકર્ષણ તમો ગુણનું રૂપ છે; ને આકર્ષણ તે સત્વગુણનું રૂપ છે. માતાને બાળક પર રહેતો પ્રેમ દીવા ને પતંગાઆ પર રહેતો પ્રેમ આકર્પણ શકિતને લીધે છે, વિકર્ષણ શકિત દ્વેષથી પોતાનું કામ કરે છે ગીતામાં પણ "**रजोरागात्मकंविद्धि**" વિગેરે કહ્યું છે બ્રહ્માઉત્પત્તિ કરનાર હોવાથી તે રજોગુણના અધિષ્ટાતા છે ને આકર્ષણ શકિત તેમનામાં વધારે છે. હાથમાં વેદ હંસપર આસન, ભુલકણો સ્વભાવ, તેમનામા આકર્ષણ શકિત અગર બાળપણ દેખાડે છે. વિષ્ણુ યુવાન છે. પાલન કર્તા છે તેમનામા રાગ દ્વેષની સમતા છે. તેમની યુવાની ને અનુસરતું રૂપ છે. અને યુવાનીને શોભતો બધોએ તેમનો ઠાઠમાઠ છે; જેમકે અલંકારો લક્ષ્મી કૌસ્તુભ, વિગેરે. શિવજીનો વેશ બુઢા જેવા છે, તેમનો ઠાઠમાઠ પણ કોઇ ઘરડા વેરાગી જેવો છે કારણ તેમનામાં વિકર્ષણ શકિત વધારે છે. બાળકને જન્મ્યા પછી તરતજ દુધ અપાવનાર તેનું અદષ્ટ (પુણ્ય-

પાપની રાશી) હોય છે. એ અદષ્ટ એજ વિષ્ણુનો ક્ષીરસાગર છે. આ અદષ્ટરૂપી ક્ષીરસાગરમાં રહેલા વિષ્ણુ દરેક જીવને તેનાં પુણ્ય કે પાપ પ્રમાણે લાભાલાભ આપે છે.

લક્ષ્મી વિષ્ણુની સતત્ ચરણસેવા કરે છે. તેનો ભાવ એ છે કે પ્રકૃતિ પુરૂષને આધીન છે. જેનામાં અસીમ ધૈર્ય હોય તેમજ સંપત્તિ હોય તેજ રક્ષણ કરી શકે. મેવાડની રક્ષા રાણા પ્રતાપનું ધૈર્યને ભામાશાની સંપત્તિ એકઠાં મળ્યાં ત્યારે થઇ ધૈર્યનો આદર્શ પૃથ્વી, વસુમતી રૂપે; ને ધનનો ભંડાર લક્ષ્મીરૂપે પાર્શ્વદ તરીકે વિષ્ણુ ભગવાન પાસે હોવાથી સર્વથા રક્ષણ કરવા તે સમર્થ છે તેવો ભાવ છે. પંજાબમાં રાણા રણજીતસીંહના સેનાપતિ હરિસિંહ નામે હતા તેઓ એટલા બહાદુર હતા કે જેનું નામ સાંભળીને યવનો પણ કાંપતા. હરિસિંહને પેશાવરની લડાઇ વખતે ૧૦૫ ડીગ્રી તાવ હતો મુસલમાનોને આ વાતની ખબર પડી તેમણે હરિસિંહની આવી સ્થિતિમાં મોટા હલ્લાની તૈયારીઓ કરી; આથી શીખ સૈનિકો ગભરાયા તો હરિસિંહે કહ્યું મને માત્ર હાથી ઉપર નાંખી મૂકો તો તમારી જીત થશે. આ પ્રમાણે તેમને હાથીપર રાખ્યા ત્યાં તે ગોળીથી ઘવાયા સૈનીકો વીમાસણમા પડયા કે હવે શું કરવું. તેમણે ધીરજ આપતાં કહ્યું, કે વખતે મારો દેહ નાશ પામે તોપણ મને હાથી ઉપરજ રાખવો ને મુસલમાનોને જાણવા ન દેશો કે હું મરી ગયો છું આ પ્રમાણે કરવાથી શીખ લશ્કર ત્રણ દિવસ સુધી ઉત્સાહથી લડયું ને છેવટ પેશાવર જીત્યું આ હરિસિંહના નિસીમ ધૈર્યથી જ થયું.

આકાસના અધિપતિ વિષ્ણુ ભગવાન છે, તો તેમનું વાહન આકાશમાં ફરી શકે તેવું ગરૂડજ યોગ્ય છે. ગળાના હારમાં કૌસ્તુભમણી એ પૂર્ણ બ્રહ્મ છે, ને આજુબાજુના મણકાઓ જીવો છે. આનો ભાવ

એવો છે કે કૌસ્તુભમણી હૃદય સાથે લાગેલો રહે છે તેથી બ્રહ્મભાવ પામ્યો છે. બીજા જીવો પણ હૃદયે લાગવાના અધિકારી બને તો બ્રહ્મભાવ પામે.

વિષ્ણુ ભગવાનના ચરણમાંથી ગંગા નીકળ્યાં છે. તે વિષે મુણ્ડકો ઉપનિષદ્‌માં

अग्निर्मूधा चक्षूषी चंद्रसूर्यौ दिशः श्रोत्रे वाग्विवृता श्र्वेदा वायु प्राणो हृदयं विश्वमस्य पद्भ्यां पृथिवी ह्येष सर्व भूतान्तरात्मा।

અગ્નિ એ માથુ સૂર્યચંદ્ર એ આંખો, કાન એ દિશા, વાણીએ વેદ વાકય, પ્રાણ એ વાયુ, વિશ્વ એ હૃદય ને પૃથ્વીએ પગ આ સર્વ પ્રાણીઓના અંતરાત્માનાં અંગો છે.

આમાં પૃથ્વીને પગ માની છે. પૃથ્વીમાં સૌથી ઉંચા સ્થાન હિમાલયમાંથી ગંગા નીકળે છે. પગમાં સૌથી ઉંચે (છેડે) અંગૂઠો છે. તો અંગુઠામાંથી ગંગાનું નીકળવું યુક્તિ યુક્ત છે. यथा पदांगुष्ठ विनिसृता सरित् એ વિષ્ણુ ચરણમાંથી નીકળતી ગંગા માટેના શબ્દો છે.

अच्युत चरण तरंगिणी शशिशेखर मौलि मालतिमाले
मार्तवितरण समये देया हरता न च मे हरिता।

આ શ્લોક ખાનખાનાન અથવા રહીમનો બનાવેલો છે. તે ગંગાજીની સ્તુતિ કરતાં કહે છે કે

હે વિષ્ણુ ચરણમાંથી નીકળતી દેવી, શંકર ભગવાનના મસ્તક પર વાસ કરનારી દેવી, માલતીની માળા જેવી હે દેવિ, જ્યારે મારો દેહ પડે ત્યારે તું મને શંકરના સ્વરૂપમાં મેળવા દેજે પણ વિષ્ણુના

સ્વરૂપમાં મને મેળવતી નહિ. કારણ કે હે માતા વિષ્ણુ સ્વરૂપમાં મને મેળવો તો આપનો વાસ પગના અંગુઠામાં રહે, અને તેથી હે માતા પૂજ્ય એવી તારૂં અપમાન થાય; પરંતુ જો મને શંકરના સ્વરૂપમાં મેળવે તો તને માથાપર ધારણ કરી મારો વધુ પૂજ્યભાવ વ્યક્ત કરૂં.

શ્રી શંકર સ્વરૂપ નિરૂપણ.

ध्याये नित्यं महेशं रजतगिरिनिभं चारु चंद्रावतंसं ।
रत्ना कल्पोज्ज्वलांगं परशु मृगवरा भीत्ति हस्तं प्रसन्नं ॥
पद्मासीनं समन्तात्स्तुतमरगणैः व्याघ्र कीर्ति वसानं ।
विश्वाद्यं विश्वबीजं निखिलभयहरं पंचवक्त्रं त्रिनेत्रं ॥

અર્થ:—રૂપાના પહાડ સરખા સુંદર; સુંદર ચંદ્રરૂપી શણગારવાળા; રત્નના સમૂહ જેવા ઉજવળ અંગવાળા; કુહાડી, મૃગ, વર ને અભયથી ભરેલા હાથવાળા; પ્રસન્ન પદ્માશન વાળી બેઠેલા; ચારે તરફથી દેવો જેની સ્તુતિ કરે છે તેવા; વ્યાઘ્રચર્મને ઓઢનાર; જગતના આદ્ય સ્વરૂપને બીજ રૂપ: સમગ્ર ભયને હરનાર: પાંચ મુખવાળા; ને ત્રણ નેત્રવાળા એવા શંકર ભગવાનનું હું નિત્ય ધ્યાન ધરૂં છું.

આપણે બેઠા હોઈએ તે વખતે કયાંકથી અગ્નિના તણખા આવતા હોય તો એમ મનાય કે નજીકમાં કયાંય પણ અગ્નિ હોવો જોઇએ. છાંટા આવતા હોય તો પાણીનો સમૂહ પાસે હોવો જોઇએ ત્રીસ માણસો પસંદ કરી તેમને જોઇએ તો કેટલાક સુખી, કેટલાક સુખાને દુઃખી, અને કેટલાક અતિશય દુઃખમાં ડૂબેલા પણ હોય. જે સુખવાળા છે તે ઉપરથી એમ માલુમ પડે છે કે સુખનો સમૂહ (સત્વ)

ક્યાંય હોવો જોઇએ, તેમજ સુખદુઃખવાળાઓ ઉપરથી સુખ દુઃખનો સમૂહ (રજ) ને તદ્દન દુઃખીઓ ઉપરથી દુઃખનો સમૂહ (તમ) ક્યાંક હોવો જોઇએ એમ માનવું પડે છે. આ સુખનો રાશી તે સત્વગુણ સુખદુઃખનું મિશ્રણ તે રજોગુણ, ને કેવળ દુઃખ તે તમોગુણ છે. બીજી રીતે કહીએ તો, ઉપકારભાવ અથવા ઉપકાર સમષ્ટિ તે સત્વ ગુણ; સ્વાર્થ સમષ્ટિ તે રજોગુણ અને પારકાનું ખરાબ કરવાની ઇચ્છા તે તમોગુણ. માયામાં સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણોનું મિશ્રણ છે. પાલખી, બેસનારને સુખરૂપ, ભાડું લઇને ઉચકનારને સુખ તથા દુઃખરૂપ અને જોઈને મનમાં બળનારને કેવળ દુઃખરૂપ છે. એજ રીતે ગુરૂનો ઉપદેશ જેને ગમે તેને સુખરૂપ, થોડો ગમે ને થોડો ન ગમે તેને સુખ દુઃખરૂપ ને જેને નજ ગમે તેને કેવળ દુઃખરૂપજ છે.

શરીર પાંચ કોષનું બનેલું છે, અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય ને આનન્દમય. આત્મદેવરૂપી અમૂલ્ય રત્ન ઉપર આ પાંચ કોષનું રક્ષણ છે. અન્નમય કોષ સ્થુલ શરીરનો છે પ્રાણમય કોશ દશ ઇંદ્રિયો ને પ્રાણનો છે, તેમાં સત્વ ગુણ તે સુશુમ્ણા નાડી, રજો ગુણ તે પિંગલા નાડી અને તમોગુણ તે ઇડા નાડી છે. અન્નમય કોષ (સ્થુલ શરીરમાં) સત્વ ગુણ તે પિત, રજોગુણ તે વાત. અને તમોગુણ તે કફ છે, મનોમય કોષ ઇંદ્રિયોને પ્રાણનો બનેલો છે. તેમાં પ્રેમ તે સત્વગુણ, દ્વેષ તે રજોગુણ અને મોહ તે તમોગુણ છે.

मनो मधुकरो मेघो मानिनी मदनो मरुत्
मामदो मर्कटो मत्स्यो मकारा नव चंचलाः ।

મન, ભમરો, વાદળાં, સ્ત્રી, કામદેવ, પવન, લક્ષ્મિનું અભિમાન, વાનર ને માછલું આ નવે મકારથી શરૂ થવાવાળી ચીજો

સ્વભાવે ચંચળ છે. જાણે મ અક્ષરજ ચંચળ ન હોય ? મનની ચંચળતા પ્રખ્યાત છે. ચંચળતા રજોગુણમાંથી આવે છે તે એટલી છે કે મનમાં આવેલા મ અક્ષરથી શરૂ થતા પદાર્થો પણ ઉપર પ્રમાણે ચંચળ હોય છે. વિજ્ઞાનમય કોષ જ્ઞાનેન્દ્રિય સહિત બુદ્ધિનો બનેલો છે. તેમાં સત્વગુણ તે સાત્વિક વૃત્તિ, બુદ્ધિને કર્તા, રજોગુણ તે રાજસી વૃત્તિ બુદ્ધિને કર્તા. તમોગુણ તે તામસી વૃત્તિ બુદ્ધિને કર્તા. આનંદમય કોષ વિષયઆવૃત્ત આનંદ જેમાં રહે છે તે આનંદ મય કોષ તેમાં સત્વગુણ તે બ્રહ્માનંદ. રજોગુણ તે સ્વર્ગપ્રાપ્તિ સુખ વિગેરે આનન્દ ને લૌકિક આનંદ તે તમો ગુણનું ફળ છે.

સમસ્ત પ્રકૃતિના રંગ (માયાના હાવભાવ અથવા વિલાસો) શિવના શરીરમાં વિકસીત છે. તેથી તેમનો રંગ પ્રકૃતિના રંગના મિશ્રણ માફક સફેદ બન્યો છે. ચંદ્રકળા શિવ ઉપર હોવાનો અર્થ એ છે કે ચંદ્ર સાત્વિક અને પ્રકૃતિથી પર નિરૂપાધીલબ્ધ બ્રહ્મજ્ઞાન જેવો હોવાથી, તેને શિરપર ધારણ કરેલો છે. શિવના પાંચ મુખનો અર્થ પ્રકૃતિનાં પાંચ મુખ્ય તત્વો છે. આ પંચતત્વોમાં આખા બ્રહ્માંડની શોભા છે, છટા છે, વિલાસ છે. આ શોભા, છટાને વિલાસ; તે શિવજીના પાંચ મુખનું અટ્ટહાસ્ય છે. પરશુ, મૃગ, વર ને, અભય એ ચારેનો અર્થ એવો છે કે:—ખરા અંતઃકરણથી ઉપાસના કરનારના શત્રુઓને પરશુથી શિવ નાશ પમાડે છે. મૃગ કામપૂર્તિનું સૂચન કરે છે, વર ધર્મનું સૂચન કરે છે, ને અભય મોક્ષનું સૂચન કરે છે, મૃગ ડાબેથી જમણે જાય તો કામ પૂર્ણ થશે. તેવા શુકન મનાય છે, મનુષ્યો મારફત ઇશ્વર પોતાની પ્રકૃતિ પરિવર્તક સૂચનાઓ આપતા નથી; કારણ કે મનુષ્યો તેમાં પોતાની મીલાવટ કરે છે; પણ પશુઓ નિર્દોષ હોવાથી પોતાની મીલાવટ કરતાં નથી, તેથી,

ઇશ્વરે નિર્દોષ પશુપક્ષી ઇત્યાદીને શુકન આપવા યોગ્ય ગણ્યાં છે. તેવીજ રીતે જેમ ધર્મથી આપણું બધુંજ સારૂં થાય છે તેમ વરદાનથી પણ સારૂં થાય છે અભય જેમ ભયથી મોક્ષ આપે તેવીજ રીતે શંકર ભગવાનનું અભય પણ સંસારથી મુક્તિ અપાવે છે.

ત્રણ નેત્ર એટલે પહેલું નેત્ર તે પૃથ્વી. બીજું નેત્ર તે આકાશ અને ત્રીજું નેત્ર તે સુર્ય.

"अग्नि पृथ्वी स्थानोवायु रिन्द्रोवा अन्तरिक्षस्थानः आदित्यो द्युस्थानः" નિરૂક્ત અધ્યાય ૭ પાદ. ૨ માં કહેલું છે. સૂર્યનું નામ આકાશના અધિષ્ઠાતા વિષ્ણુ એમ ઉપરના મંત્રમાં કહ્યું છે. વિષ્ણુ બુદ્ધિના પણ અધિષ્ઠાતા છે. બુદ્ધિ જ્ઞાનનું સાધન છે. માટે સૂર્ય એજ જ્ઞાનાગ્નિ અથવા ત્રીજું નેત્ર આજ્ઞાચક્રમાં સાક્ષી ચેતન ભ્રૂલતાની વચ્ચે રહે છે. તે સ્થાનમાં ને તેનાજ જ્ઞાનનું સૂચક ત્રીજું નેત્ર પણ ત્યાંજ છે. આંખથી રૂપ દેખાય પણ રૂપ અગર રૂપના વિષયો બળી જતાં હશે ? પણ જ્ઞાનાગ્નિનું નેત્ર તો કામને બાળી નાખનાર હતું એટલે કામનો નાશજ્ઞાનથી થતાં સાચું સ્વરૂપ બતાવનાર નીવડે છે. જ્ઞાનાગ્નિથી કામનો જે નાશ થાય છે, તે તેનો સંપૂર્ણ નાશ છે. સમાધિથી પણ કામનો નાશ થાય છે. પણ સમાધિ અવસ્થા પર્યંત જ કામનો નાશ ધ્યાનથી થાય છે ને સત્સમાગમથી થાય છે. પણ બન્ને રહે ત્યાં સુધી જ બાકીના વખતમાં કામનું પ્રાબલ્ય તરત જણાય છે.

रे कन्दर्प करं कदर्थयसि किं कोदण्ड टंकारितैः ।
रे रे कोकिल कोमलैः कलरवैः किं त्वं वृथा जल्पसि ॥
मुग्धे स्निग्ध विदग्ध मुग्ध मधुरै लॉलैः कटाक्षै रलं ।
चेतश्चुम्बित चंद्रचूड चरण ध्यानामृतं वर्तते ॥

અર્થ:— હે કામદેવ! તારૂં ધનુષ્ય તાણીને શા માટે હાથ દુઃખાવે છે? હે કોયલ! તું કોમળ ટહૂકાઓથી શા માટે તારૂં ગળું દુઃખાવે છે? હે મુગ્ધા, મધુર ને ચંચળ તથા જલદીથી મોહ પમાડનાર તારાં નયન બાણો છોડવાં બસ કર કારણ મારૂં મન શંકર ભગવાનના ધ્યાનમાં લાગેલું છે.

"बलवान् हि इन्द्रिय ग्रामो विद्वांसमपि कर्षति"

ઈન્દ્રિયોના સમૂહનું બળ બહૂજ છે. તે વિદ્વાનને પણ પોતાના તરફ ખેંચે છે. ગીતામાં પણ.

काम एष क्रोधएष रजोगुण समुद्भव;

એ પ્રમાણે કામનું પ્રબળ સ્વરૂપ બતાવી આપ્યું છે. આ સર્વ કામનાઓને કાયમને માટે ભસ્મીભૂત કરવા શંકરના ત્રીજા નેત્ર રૂપી વર્ણવાયલો જ્ઞાનાગ્નિ બસ છે.

કામની ત્રણ અવસ્થાઓ છે. સંસ્કારા અવસ્થા ચિંત્યામાના અવસ્થાને ભૂજ્યમાના અવસ્થા. મકાન બનાવવાની ઇચ્છા તે સંસ્કાર અવસ્થા નકશો ને અંદાજ કરાવવાં તે ચિંત્યમાના અવસ્થા. અને સાધનો કામે લગાડી મકાન કરાવવું તે ભૂજ્યમાના અવસ્થા છે. લક્ષ ચોરાસી ભવોમાં પડેલા સંસ્કારો તે સંસ્કારા અવસ્થા યુવાનીમાં સંસ્કારો તીવ્ર થાય તે ચિંત્યમાના અવસ્થા અને વિવાહીત, પુત્રપૌત્રાદિ વાળા થવું તે ભૂજ્યમાના અવસ્થા છે કોઇપણ વિષયની ઇચ્છાનું નામ કામના છે. તેની ઇચ્છા હોવી તે સંસ્કાર અવસ્થા. તેનો પ્રભાવ પડવો તે ચિંત્યમાના અવસ્થા. ને તેને પ્રયત્નથી સંપાદન કરવી તે ભૂજ્યમાના અવસ્થા. આ કામનાઓ આત્માનું આવરણ બને છે. જેમ ધૂમાડો અગ્નિનું ઢાંકણ હોય તેમ અગ્નિ ખુલ્લો હોય ત્યારે દેખાય છે તથા તેમાં દાહક શક્તિ પણ હોય છે. આયનો સ્પષ્ટ હોય

ત્યારે દેખાય છે ને પ્રતિબિંબ આપવાની શક્તિ તેમાં હોય છે તે વખતે વિવેક હોય છે અને વિવેકમાં વૈરાગ્ય પેદા કરવાની શક્તિ હોય છે. ચિંત્યમાના અવસ્થામાં ઇચ્છાઓનું આચ્છાદન હોય છે વિવેક હોય છે. પણ વિવેકની વૈરાગ્યોત્પાદક શક્તિ નાશ પામે છે, ભૂજ્યમાના અવસ્થામાં ઇચ્છાઓનું આચ્છાદન એટલું પ્રબળ હોય છે કે વિવેક અને વિવેકની વૈરાગ્ય ઉત્પાદક શક્તિ પણ નાશ પામે છે આ કામની ત્રણે અવસ્થાઓ છે.

सौजन्याम्बुमरुत्स्थलोः सुचरिता लेखद्यु भीत्तिगुणा ।
ज्योत्स्ना कृष्ण चतुर्दशी, सरलता योग श्वपूच्छ छटा ॥
यैरेषाऽपि दुराशया कलियुगे राजावली सेविता ।
तेषां शूलिनी भक्ति मात्र सुलभे सेवाकियत्कौशलं ॥

કલિયુગમાં રાજાઓ સૌજન્યના વિષયમાં મારવાડની ભૂમીના પાણી જેવા. સદાચાર વિષયમાં આકાશ ભીંતપર દોરેલા ચિત્ર જેવા હોય છે. સદ્‌ગુણોમાં કાળીચૌદશ જેવા હોય છે, સરળતામાં કુતરાની પૂછડી જેવા હોય છે આવા રાજાઓનું સેવન જે લોકો ક્ષુદ્ર આશાઓથી કરે તેઓ જો સહેલાઇથી પ્રસન્ન થતા શંકરની ઉપાસના કરે તો તેમનું સેવા કૌશલ ઉગી નીકળે.

શંકર કેટલા જલદીથી પસન્ન થાય છે તેનું દૃષ્ટાંત શંકરના બે ભક્તો હતા એક ફુલ ચઢાવતો ને બીજો ઇંટો મારતો એક દિવસે નદી આવી ત્યારે ફૂલ ચઢાવનાર અટકી પડયો પણ ઇંટો મારનાર ગયો આથી શંકર તેને પ્રસન્ન થયા ને વરદાન માગવા કહ્યું આ ભક્ત જાતનો વણકર હોવાથી તેણે બહુ કામ થવાની આશાથી હજાર હાથ માગ્યા. શંકરે આપ્યા પણ ખરા. હજાર ભુજાવાળી આ વ્યક્તિ

ગામમાં ગયા કે તરત છોકરાઓએ તેનું વિચિત્ર રૂપ જોઇને ઇંટો મારવા માંડી જેવા ભાવથી શંકરને ભજ્યા તેવું તેનું ફળ મળ્યું.

મિત્રની સાથે વાર્તાલાપ કરતા હોઇએ તેજ વખતે લાંબા વખતથી પરદેશ ગએલો પુત્ર આવી મળે તો જે આનન્દ થાય તે મિત્રાલાપ આનન્દ કરતાં વધી જાય કોઇપણ કાર્યની ભુજયમાના અને ચિન્ત્યમાના અવસ્થાઓ ઘોર નિદ્રામાં સુઇ જઇએ છીએ ત્યારે અથવા સમાધિમાં થતી નથી. લુગડા ઉપરનો મેલ ત્રણ રીતે જાય. ખંખેરવાથી, પાણીમાં બોળવાથી, ને સાબુદઇ ધોવાથી પહેલીને ભુજયમાના, બીજીને ચિન્ત્યમાના, ને ત્રીજી સ્થીતિ તે સંસ્કારાવસ્થા શિવજીમાં બે ભાવ કલ્પાએલ છે એક જ્ઞાની અગર ઇશ્વર ભાવને બીજો ક્રુર ભાવ અગર તામસભાવ. શાંતભાવવાળું શિવજીનું શરીર તે "મહાકાલ" નામથી ઓળખાય છે ને તે અવિદ્યાનો નાશ કરીને શાશ્વત મુક્તિ આપે છે અથવા આત્યંતિક પ્રલયને પમાડે છે તામસ ભાવનું શિવજીનું શરીર તે કાળ નામથી ઓળખાય છે ને તે પ્રાકૃતિક પ્રલય અથવા સંહારકારી સ્વરૂપ છે પ્રલય ચાર જાતના છે નિત્ય નૈમિત્તિ, પ્રાકૃતિક ને આત્યંતિક પ્રલય–નિત્યમાં આકર્ષણ ને વિકર્ષણ બન્ને શક્તિઓ એકજ સાથે કામ કરે છે; જેમકે ગાયના દુધમાં દોહતી વખતે આવેલી ગરમી થોડીવાર પછી હોતી નથી. અનાજ ઘણો વખત સુધી એકજ જગાએ ભરી રાખવાથી તે નકામું થઇ જાય છે. કપડું આજે નવું હોય છે પરન્તુ એક દિવસ પછી તેની ચમક કમતી થઇ જાય છે. આ બધું નિત્ય પ્રલયને આભારી છે. નિત્ય પ્રલયદ્વારા પ્રકૃતિ સુચન કરે છે કે દરેક પળે પરિવર્તન (વિકર્ષણ શક્તિ) ચાલુ છે માટે તમારો અંત આવે તે પહેલાં કાંઇક મુક્તિ માટે અવશ્ય કરો જ.

નૈમિત્તિક પ્રલય. ૩૦ રાત્રીદિવસ મનુષ્યનાં=૧ માસ.
૧૨ માસ ,, ૧ વરસ.
૧ વરસ ,, ૧ રાત્રીદીવસ દેવનો.

તેજ પ્રમાણે દીવસના માસ ને માસનાં વર્ષ ગણુતાં ૧૨ હજાર દેવ વર્ષ=૪ યુગ મનુષ્યોના

૧૭૨૮૦૦૦ વર્ષ=સત્યુગ	દેવનાં ૪૦૦૦ વર્ષ=૧ સત્યુગ.
૧૨૯૬૦૦૦ ,,=ત્રેતા	૩૦૦૦ ,,=ત્રેતા યુગ.
૮૬૪૦૦૦ ,,=દ્વાપર	૨૦૦૦ ,,=દ્વાપર યુગ
૪૩૨૦૦૦ ,,=કલિયુગ	૧૦૦૦ ,,=કલિયુગ
	૧૦૦૦ ,,—પ્રારંભકાલ
	૧૦૦૦ ,, અંતકાલ

૧૦૦૦ યુગનો દિવસ.
૧૦૦૦ ,,ની રાત્રિ. } બ્રહ્માનો એક રાત્રિદીવસ=દેવોના ચાર યુગ.

એક રાત્રિદિવસમાં ૧૪ મનુ—ને એક મનુની આયુષ્ય ૮૫૨૦૦૦ દિવ્ય વર્ષ અથવા ૩૦, ૬૭, ૨૦૦૦૦ મનુષ્યવર્ષ સૌ પહેલાં ૧૦૦ વરસ અનાવૃષ્ટિ આ અનાવૃષ્ટિમાં, સૂર્યનાં સાત પ્રકારના કિરણો આખી પૃથ્વીનું જલ પાન કરીને પુષ્ટ થઇને છેવટે લાકડાં ઝાડ વિગેરે બધું સુકું કરી નાંખે છે તે પછી શેષના મુખમાંથી નીકળેલો કાળા નળ સાત નીચેના લોકને બાળે છે પૃથ્વીને બાળે છે. અંતરિક્ષનેપણ બાળે છે. સ્વર્ગને પણ ભાળે છે. સ્વર્ગના લોકો મહર્લોકમાં ને મહર્લોકના જન લોકમાં જાય છે. માત્ર, જન તપ ને બ્રહ્મલોક બચે છે આનું નામ નૈમિત્તિક પ્રલય.

પ્રાકૃતિક પ્રલય બ્રહ્માના દિવસને રાત્રી તેજ પ્રમાણે માસ ને વરસ ગણુતાં પચાસ વર્ષ બ્રહ્માનાં થઇ ગયાં છે પચાસ વર્ષ બ્રહ્માનાં

આકી છે આ પ્રલયમાં ૧૦૦ વરસ અનાવૃષ્ટિ તેને સંવર્તક અનાવૃષ્ટિ કહે છે. સાત કિરણોથી સો વરસ દાહને ત્યાર બાદ શેષ મુખથી નીકળેલો કાળાનળ અગ્નિ સો વર્ષ સુધી બાળે ને આ અગ્નિ ચૌદલોકનો નાશ કરે છે. આ પ્રાકૃતિક પ્રલય છે.

આત્યંતિક પ્રલય—સંવર્તક મેઘ તે પછીથી "સંવર્તક વાયુ" સંવર્તક ધુમ મેઘથી પડેલું જળ અનુક્રમે તેજ વાયુમાં થઇને તે આકાશમાં મળી જાય છે. આકાશ અહંકારમાં, અહંકાર બુદ્ધિમાં ને બુદ્ધિ માયામાં ને માયા બ્રહ્મમાં લીન થાય છે. આનું નામ આત્યંતિક પ્રલય. આ પ્રલયમાં જીવ માત્ર પોતાના બધા સંસ્કારો સાથે માયામાં લીન થઇને બ્રહ્મમાં અતિ સૂક્ષ્મરૂપે રહેલા હોય છે. શિવજીનું મહાકાલ સ્વરૂપ તે આ આત્યંતિક પ્રલયનું છે, જેમાંથી છેવટે મુક્તિ અપાવે છે.

भिक्षुक्कास्ति, बले र्मखे, पशुपतिः किं नास्त्यसौ गोकुले।
मुग्धे पन्नग भूषणः सखि सदा शेते सशेषोपरि ॥
दुर्गं मुञ्च विशादमाशु कमले नाहं प्रकृत्या चला।
चेत्थं श्री गिरिजासमुद्रसुतयो वोक चातुरी पातु वः ॥

લક્ષ્મીઃ—ભીખારી ક્યાં ગયો છે ? (શંકર ક્યાં ગયા છે.)

પાર્વતીઃ-બલિરાજાને ત્યાં યજ્ઞમાં (ખરા ભીખારીતો વિષ્ણુ છે)

લક્ષ્મીઃ—શું પશુપતિ નથી ? (ઢોરનો પતિ એમ શંકરને કહે છે

પાર્વતીઃ—તે ગોકુળમાં છે ? (ગોવાળીઆનું કામ તો વિષ્ણુએ પણ કર્યું છે.)

લક્ષ્મીઃ—હે બેન સખી પન્નગ ભૂષણ ક્યાં છે ?

પાર્વતીઃ—સાપની ઉપર પથારી કરી સૂનાર તો વિષ્ણુ એ છે

લક્ષ્મીઃ—હે પવર્તની પુત્રી શોકને હવે છોડીદે

પાર્વતીઃ—કમલે હું સ્વભાવથી બીકણુઅની રખડનારી નથી.

આ પ્રમાણે લક્ષ્મી અને પાર્વતીની વાણિની ચતુરાઇ તમારૂં રક્ષણ કરો શંકરના ગળે સાપ છે તેમ ઉપરના શ્લોકમાં કહ્યું છે. તેનું રહસ્ય એ છે કે કસાઇના ઘરમાં શું હોય છરાઓ, કારીગરના ત્યાં હથીઆર ને હથોડીઓ હોય તેજ ન્યાયે સંહારકારી શિવના ત્યાં સંહારકારી સાપ હોય તેમાં કાંઇ નવાઇ જેવું નથી આનો ભાવ એ છે કે સંહારકારી સાપ તે પણ શિવ પોતે કાબુમાં રાખી શકે છે ને પોતાના ભક્તને મૃત્યુના સૂચક સાપના મોંમાંથી પણ બચાવી શકે છે.

હવે શિવ સ્મશાનમાં કેમ રહે છે? શરીરમાંથી પ્રાણ અને અંતકરણ નીકળી જાય છે ત્યારે તેને સ્મશાનમાં બાળે છે પછી તે પાંચતત્વોમાં મળી જાય છે. રંગરેજ પોતાના લતામાં એટલે રંગરેજ વાડામાં રહે; મોચી મોચીવાડામાં રહે; તેમ બધાનો સંહાર કરનાર જ્યાં બધાનો સંહાર અગર નાશ થાય છે ત્યાં સ્મશાનમાં રહે તેમાં શું નવાઇ છે,

મુણ્ડમાલા—કોઇના મસ્તકમાંથી જ્ઞાન શકિતઓ જતી રહે, તો લોકો આનું માથું ફરી ગયું છે માથું ગયું છે, એમ કહે છે. જાગૃત અવસ્થામાં જીવ આંખમાં રહે છે. સ્વપ્નમાં જીવ કંઠમાં રહે છે ને મુકિતમાં જીવ હૃદયમાં રહે છે. મુકિતમાં દરેક અવિદ્યામાં લીન થાય છે ને આ મુણ્ડમાલા કંઠને હૃદયમાં હોઇ પ્રાણી માત્રનું અવિદ્યામાં લીન થવું સુચવે છે એક વસ્ત્ર ઉપર ચિત્ર કાઢવું હોય તો તેને સાફ કરવું પડે છે. તે તેની ધૌતા અવસ્થા પછી લોટ વિગેરે ચઢાવી કડક કરે છે આ તેની ઘટિત અવસ્થા પછી તેનાંપર રેખાઓ દોરે છે આ તેની લાંચ્છિત અવસ્થાને છેવટે તેના ઉપર રંગ કરે છે. તે

તેની રંગીત અવસ્થા આમાં ધૌત વસ્ત્ર એ શુદ્ધ બ્રહ્મ છે ઘટિત વસ્ત્ર તે બ્રહ્મ ઉપર માયારૂપી લોટ ચઢવાથી તેનું નામ ઇશ્વર પડે છે લાંચ્છિત વસ્ત્ર ને સૂક્ષ્મ શરીર હોવાથી હિરણ્યગર્ભ તેવું નામ પડે છે ને રંગીત વસ્ત્ર ને સ્થુલ શરીરરૂપી રંગ ચઢવાથી તેનું નામ વિરાટ પડે છે.

ત્રિશુળ ત્રિશુળ જેમ કદી પાછું ફરતું નથી તેમ અદૃષ્ટ અથવા પ્રારબ્ધ પણ પાછું ફરતું નથી. માટે ત્રિશુળ અદૃષ્ટ અથવા કર્મફળ સૂચવે છે.

अवश्यं भावि भावानां प्रतिकारो भवेद्यदि ।
तदाकिन्न प्रतिकुर्यु र्नलराम युधिष्ठिराः ॥

બનવાકાળ આગળ ઉપાય ચાલતો હોય તો નળ, રામ ને યુધિષ્ઠિર જેવા સમર્થ પુરૂષો તેના ઉપાય માટે શું ન કરત ?

सतिमूले तद्विपाको जात्यायुर्भोगाः ।

પારબ્ધ જાતિ આયુને ભોગ અપાવનારૂ હોય છે.

यत्रानेकः क्वचिदपि गृहे तत्रतिष्ठत्यथैक ।
यत्राप्येक स्तदनुबहवः तत्र चांतेनचैकः ॥
इत्थं चैमौ रजनी दिवसौ दोलयन् द्वापि चाक्षौ ॥
कालः काल्या सहितानुसारै क्रीडती प्राणिसारैः ।

જે ઘરમાં પહેલાં ઘણાં હતાં ત્યાં ફક્ત એકજ રહેલો છે જ્યાં એકજ હતાં ત્યાં અનેક થાય છે. ને પરીણામે એક પણ રહેતું નથી આ પ્રમાણે રાત્રી ને દિવસરૂપી પાસા વારંવાર ફેંકીને શીવને પાર્વતી પ્રાણીઓરૂપી સોગટાંથી સંહારકારી સોગટાં બાજી રમે છે.

ભસ્મઃ—તમામ સંસારને ભસ્મ બનાવનારને સ્મશાનમાં રહેનાર ભસ્મ ચોળે તે તો બરાબર યુક્તિ યુક્ત છે કારણ કે જે

ભસ્મ બનાવે છે ને ભસ્મમાંજ રહે છે. તે ભસ્મ જ ચોળે છે તેમાં નવાઇ નથી.

કાળ ભાવમાં સર્પાદિથી તથા સિંહ ચર્માદિથી શિવની મૂર્તિ ભૂષિત હોય છે. ને મહાકાલ ભાવમાં શિવની મૂર્તિ દિગમ્બર હોય છે ને સર્પાદિ ભૂષણ હોય છે.

लोले ब्रूहि कपाल कामिनि पिता कस्ते पति पातसां
कः प्रत्येति, जलादपत्य जननं प्रत्येति यः पस्तरात् ।
इत्थं पर्वतराज सिन्धु सुतयोराकर्ण्यवाक् चातुरी ।
सस्मेरस्य हरे हरस्य च भुवि निघ्नन्तु विघ्नं तव ॥

હે કપાલિ કામીની ભિક્ષુકની સ્ત્રી તારો બાપ કોણ છે તે કહે? સમુદ્રનો પતિ. તું સમુદ્રથી ઉત્પન્ન થઇ તેવી વાત શી રીતે મનાય? તું પહાડથી જન્મી તે જેમ મનાય તેમ આ પ્રમાણે પાર્વતીને લક્ષ્મીની વાણીની ચતુરાઇ શાંભળીને હસતા શંકરન વિષ્ણુનો આનન્દ તમારૂં રક્ષણ કરો.

વિષ્ણુ સાત્વિક છે, તેમની પત્નિ લક્ષ્મી રજોગુણવાળી છે. કારણ એકલી સાત્વિકતાથી કાંઇ કામ બની શકતું નથી, માટેજ તેમની સાથે રજોગુણ પ્રધાન લક્ષ્મી પત્નિ તરીકે છે, લક્ષ્મી જલમાંથી ઉત્પન્ન થઇ છે. જલમાં રજોગુણ વધારે છે, ને તે ચંચલ છે. માટેજ લક્ષ્મી ચંચલ છે. શંકર તામસ પ્રધાન છે પાર્વતી સત્વને તામસ પ્રધાન છે, પાર્વતીની ઉત્પતિ પહાડમાંથી છે, ને પહાડમાં સહિષ્ણુતા અચલતા વિગેરે ગુણો છે. તે પાર્વતીમાં પણ છે તે શંકરના તામસને નભાવી લેનાર છે. શંકરનો સ્મશાનવાસ મુણ્ડમાલા ધારણને ભસ્મ વિલેપન એ બધાંય વૈરાગ્ય સુચક ચિન્હ છે. સ્મશાન જોઇને મોટે ભાગે લોકોને

સ્મશાન વૈરાગ્ય થાય છે ને કોઇ સંસ્કારવાળાને તો મહાત્મા ક્રર્તા રાયની માફક પોતાના મિત્રનું શબ સ્મશાનમાં બળતું જોઇ પાક્કા વૈરાગ્ય પણ થઈ જાય છે. મહાભારતમાં પણ સ્મશાન વૈરાગ્યનું વર્ણન છે તેમાંથી એક નાનો સંવાદ નીચે પ્રમાણે છે.

એક આઠ વરસના બાળકનું મૃત્યુ થાય છે, સાંજ પડવા આવી છે તેનાં માબાપ રૂએ છે એટલામાં એક ગીધને શીયાળ ત્યાં આવે છે. ગીધ બાળકનાં માતપિતાને કહે છે.

अलं स्थित्वा स्मशाने अस्मिन् गृध गोमायु संकुले ।
कंकाल बहुले घोरे सर्वप्राणि भयंकरे ॥
प्रियोवा यदि वा द्वेष्यो प्राणिनां गतिरिद्दशी ।
न चेह जीवितः कश्चित्काल धर्मे मुपागते ॥

ગૃધને અને સમડીઓથી ભરપુર ને ઘણાં હાડકાંવાળા ઘોર, સર્વ પ્રાણીને ભયંકર એવા સ્મશાનમાં રહેવાથી બસ–પ્રિય હો કે દુશ્મન હો પણ દરેક પ્રાણીની આવીજ ગતિ થાય છે. કારણ આવી પહોંચેલો કાળ કોઇને છોડતો નથી.

શિયાળે કહ્યું.

इमं कनक वर्णाभं बालमप्राप्त यौवनं ।
बहु विघ्नो मुहूर्तोऽयंजोवेदपि कदाचन ॥
आदित्योऽयं स्थितो मूढा स्नेहं कुरु सांप्रतं ।
गृध्र वाक्यात्कथं मूढा त्यजध्वमविशंकिता ॥

સુવર્ણ જેવી કાંતિવાળા, કોમળ બાળકને ગીધના કહેવાથી વિચાર વગરના તમે કેમ છોડી દો છો બહુ વિઘ્નોવાળા આ વખતમાં તેના તરફ સ્નેહ બતાવો હજુ સૂર્ય આથમ્યો નથી વખત છે તમારો

દીકરો કદાચ જીવે પણ ખરો જે મનુષ્યોને તીવ્ર વૈરાગ્ય થયો હોય તે શીઘ્ર મુક્તિ પામે છે.

भेद प्रयोगित्वं, वस्तु परिच्छिन्नत्वं, प्राग्भाव,

દેશ કાળ અને વસ્તુ પરિચ્છેદ.

દેશ પરિચ્છેદ એટલે કોઇ ચીજ એક જગાએ હોય ને એક જગાએ ન હોય તો તે વસ્તુ દેશ પરિચ્છિન્ન કહેવાય તેવીજ રીતે એક વસ્તુ એક વખતે હોય ને બીજે વખતે ન હોય તે પ્રાગભાવ અથવા કાલ પરિચ્છિન્ન કહેવાય, એ વસ્તુઓનો આકાર એક સરખો ન હોય તે વસ્તુ પરિચ્છિન્નત્વ કહેવાય. બ્રહ્મભાવ—દેશ કાળને વસ્તુ ત્રણેથી અપરિચ્છિન્ન છે. શિવનું મહાકાલ સ્વરૂપ પણ દેશકાળને વસ્તુથી અપરિચ્છિન્ન છે. આવા મહાન અપરિચ્છિન્ન સ્વરૂપને પહોંચે તેવાં વસ્ત્રો ક્યાંથી લાવવાં માટેજ શંકરનું મહાકાલ સ્વરૂપ દિગમ્બર છે ને શંકર કાલ સ્વરૂપે સિંહ ચર્મ ઓઢે છે, ચર્મનો એ ભાવ છે કે શંકર ભગવાનનું કાલ સ્વરૂપ અતિસંહારકારી ક્રૂર સીંહ જેવાનું પણ ચામડું ઊતારી તેનું આસન કરે છે, તે બતાવે છે કે કાલ કોઇને છોડતો નથી શિવ તામસી છતાં રંગ સફેદ છે, વિષ્ણુ સાત્વિક છતાં કાળા છે ને બ્રહ્મા રાજસ છતાં લાલ કેમ છે?

उभयोः प्रकृति स्त्वेका प्रत्यय भेदाद्विभिन्नवद्भाति ।
कलयति कश्चिन्मूढा हरिहर भेदं विना शास्त्रं ॥

બન્નેની પ્રકૃતિ એકજ છે પરન્તુ એકજ પ્રત્યયના ફેરફારથી જુદું જણાય છે શાસ્ત્રના જ્ઞાન વિના મૂર્ખાઓ વિષ્ણુને શંકરમાં ભેદ માને છે. પ્રત્યય ૧ વિશ્વાસ (૨) (ઈ) વિના શાસ્ત્ર; શાસ્ત્ર વગરને વિનાશનું હથીઆર.

શંકરને વિષ્ણુમાં ભેદ નથી એ દેવી ભાગવતના નીચેના શ્લોકથી વધુ સ્પષ્ટ થાય છે.

લક્ષ્મીજીને શ્રી વિષ્ણુ કહે છે.

શ્ટણુકાન્તે પ્રવક્ષ્યામિ યન્ધ્યાયામિ સુરોત્તમં ।
आशुतोषं महेशानं गिरीराजावल्लभंहृदि ॥
कदाचि देव देवो मां ध्यायेदमीतविक्रमम् ।
ध्यायाम्यहं च देवेशं शंकरं त्रिपुरात्मकं ॥
शिवस्याहं प्रियप्राणा शंकरस्तु तथाममं ।
उभयोरन्तर न्नास्ति मिथः संसत्क चेतसः ॥

જલદી પ્રસન્ન થાય તેવા મહાપ્રભુ પાર્વતી પતિ નામના એવા જે શ્રેષ્ઠ દેવનું હૃદયમાં હું ધ્યાન કરૂં છું તેના વિષે હે પ્રિયે ! તું સાંભળ

કદાચ તે દેવોના દેવ મારૂં અમિત પરાક્રમવાળાનું ધ્યાન કરે છે. ને હું શંકરને પ્રિય પ્રાણ સમાન વહાલો છું ને શંકર મને પ્રાણ સમાન વહાલા છે. અમારા બન્નેમાં કાંઇ પણ ભેદ નથી કારણ અમારા બન્નેનાં મન ભેગાંજ રહેલા છે.

આ ત્રણ શ્લોકો પણ જણાવે છે કે ભોળાને ઈશ્વરમાં ફેર નથી શૈવ ને વૈષ્ણવ પક્ષના ઝઘાડાઓ પાછળથીજ ઉભા થએલા છે. ઉપરના શ્લોક જોતાં વિષ્ણુ તો કહે છે તેઓ એક છે અને તેઓ એક બીજાની ઉપાસના કરતા હોવાથી તેમના રંગ તથા સ્વભાવ અદલ બદલ થયા છે.

ગુરૂ વિદ્યાર્થીને ભણાવતી વખતે ક્રોધ કરે છે વખતે મારે પણ છે, શા માટે ? શિષ્યનું ભલું કરવા માટેજ, આમાં ગુરૂ ઉપરથી તામસી દેખાય છે, પણ અંદરથી શિષ્યનું ભલું કરવાની કામનાવાળા

એટલે સાત્વિક હોય છે, આભૂષણ પહેરેલો છોકરો તેના માબાપને વહાલો લાગે છે પણ માબાપ તેના હિતને ખાતર તેને કડવાં વચન કહીને પણ બહાર જતો રોકે છે પણ કોઇ ઠગ તે છોકરાને જોઇને ઉપરથી મીઠા વચનોથી બોલાવે છે પોતાની જાળમાં ફસાવે છે ને તેનાં ઘરેણાં ને વખતે પ્રાણ પણ લે છે. આમાં ઠગ બહારથી મીઠો છે પણ અંદરથી કાળો છે, માબાપ બહારથી કડવાં છે પણ અંદર પેટે હીત કર્તા છે. વિષ્ણુ ઉપરથી કાળા એટલે ભયંકર દેખાય છે, પણ અંદરથી સફેત યા સાત્વિક છે. કારણ કે તે પાલન કર્તા દેવ છે શિવજી ઉપરથી સફેત છે પણ વખત આવે સંહાર કર્તા છે, રજોગુણમાં એકલી ક્રિયા હોય છે પણ તે ક્રિયા ફલ રહીત છે, કારણ કે ક્રિયા પ્રકાશમાં થાય કે અંધકારમાં થાય પણ તે એની સંધીમાં કશુંજ થઇ શકતું નથી જે દેવ ફળ ન આપી શકે તેની પૂજા કોણ કરે? બીજુ બ્રહ્મા આદિ પ્રપિતામહ છે હાલના વખતમાં પિતામહની કોઇ ખબર લેતું નથી તો તે આદિ પ્રપિતામહને કોણ પૂજે? આમ પણ બ્રહ્માજીની પૂજા કોઇ કરતું નથી.

ગણપતિ ઉપાસના ऋ. ૨-૨૨-૨૩ મંત્ર ૧

गणानां त्वा गणपतिं हवामहे।
कविं कवीनामुपश्रवसामम ॥
ज्येष्ठराजं ब्रह्मणां ब्रह्मणस्पतानः।
श्रुणवन्नुतिभिः सीदसादनं ॥

હે કર્મના પાલક વિદ્યાધર વિગેરે ગણોના સ્વામી ત્રિકાળ દર્શી જેનો અંત માપી શકાય તેમ નથી તેવા સર્વ દેવમાં શ્રેષ્ઠ મંત્રના સ્વામીને અમે આપને સ્તવન કરનારા આહવાન આપીએ છીએ કે કે અમારી સ્તુતિ સાંભળીને યજ્ઞ શાળામાં પ્રવેશ કરો

ॐ नमो गणेभ्यो गणपतिभ्यश्च वो ।
नमो नमो व्रातेभ्यो व्रातपतिभ्यश्च वो ॥
नमो नमः गृत्सेभ्यो गृत्सपतिभ्य श्च ।
वो नमो नमो विरुपभ्यो विश्वरुपेभ्यश्च वो नमः ॥

ગણોને નમસ્કાર હો, ગણપતિને પણ નમસ્કાર હો, વ્રાત (સંઘો) ને નમસ્કાર હો, સંઘના પતિને પણ નમસ્કાર હો, ગૃત્સ (બુદ્ધિને) નમસ્કાર હો, બુદ્ધિના સ્વામીને નમસ્કાર હો. કદરૂપા છતાં વિદ્યારૂપ જ્ઞાની ગણેશને નમસ્કાર હો.

तमाग्निवर्णा तपसा ज्वलन्ती वैरोचिनी ।
कर्मफले: जुष्टां दुर्गां देवी शरणमहं प्रपद्ये ॥
सुतरसी तरसे नमः सुतरसी तरसे नमः ।

એ અગ્નિ વર્ણવાળી પ્રકાશથી શોભતી, વરોચિની કર્મ ફલ આપવાની શક્તિવાળી દેવી પાર્વતીને શરણે જાઉં છું. બહુ વેગવાળી ને બળવાળીને નમસ્કાર હો.

इन्द्रपुत्रे, सोमपुत्रे, दुहितासि प्रजापते.
कामानस्माकं पूरय प्रतिगृह्णाहि नो हविः ॥

ઇન્દ્ર પુત્રિ ! સોમ પુત્રિ ! તું પ્રજાપતિની સ્ત્રી છે. અમારી ઇચ્છાઓને પુરી કર અમારા બલીદાનને સ્વીકાર.

સૃષ્ટિ નિર્માણ પાંચ ભૂતથી થયું છે સ્થુલનો પ્રભાવ સૂક્ષ્મપર પડે છે પાચ તત્વથી પંચધા પ્રકૃતિ છે માટે જ ઊપાસ્યદેવ પાંચ છે તેમાં ત્રીજા દેવ શંકર ભગવાન વૃષભ વાહન છે. તેમનામાં તમોગુણ વધારે છે. વૃષભમાં સત્વ છે. જ્યાં તમઃ વધારે હોય ત્યાં સત્વ દબાય આ રીતે વૃષભ તે શંકરનું યોગ્ય વાહન છે; બીજી રીતે કહીએ તો

બળદ ધર્મ જેવો છે સાત્વિક છે. તમ પ્રકૃતિ શિવને ધર્મના અવ-લંબનની ખાસ જરૂર છે એમ બતાવવાને માટે તેમનું વાહન બળદ છે બળદને ધર્મ તરીકે મહાભારતમાં વર્ણવ્યો છે.

वृषो हि भगवान्धर्मः। तस्य यो कुरुतेऽलं।
तस्माद्वृषाकपि प्राह। कश्यपो मां प्रजापतिः॥

આમાં ધર્મને બળદની ઉપમા આપી છે.

भिक्षार्थी क्वयातः सुतनु बलिमखे ताण्डवं क्वाद्य भद्रे।
मन्ये वृन्दावनान्ते क्वनु स मृगशिशु नैव जाने वराहं॥
बाले कच्चिन्द्दष्टो जरठवृषपति गोप एवास्यवेत्ता।
लीला संलापमित्थं जलनिधि हिमवत् [illegible] त्रायतांवः॥

લક્ષ્મી;—ભીખારી ક્યાં ગયો છે?
પાર્વતી:—બળીરાજાના યજ્ઞમાં

લ—તાણ્ડવ નાચ ક્યાં આગળ છે?
પા—કદાચ વૃન્દાવનમાં હશે?
લ—ગણપતિનો (મૃગનો) બાપ ક્યાં છે.
પા—તે વરાહને હું ઓળખતી નથી.
લ—હે બાલે ઘરડા સાંઢનો માલીક ક્યાં ગયો છે?

પાર્વતી—બુઢા સાંઢની વાત તો ગોવાળીઓ જાણે.

આ પ્રમાણેનો લક્ષ્મીને પાર્વતીનો આનન્દ દાયક સંવાદ તમારૂ રક્ષણ કરો.

धन्यो मेरु गिरिर्यदेक शिखरे ब्रह्मेन्द्ररुद्रादयः।
तद्युक्तो निवसत्यसौ क्षीतितले कुत्राऽपि न जायते॥
तां धत्ते भुजगाधिप स च महान् शंभुरभूत्कंकणः।
शंभु श्रीपति पूजकः स हृदिते त्वत्तो महान्नापरः॥

ધન્ય છે મેરૂ પર્વતને કે જેના એકજ શીખર ઉપર બ્રહ્મા રૂદ્ર ઇન્દ્ર વિગેરે રહે છે, તેમનાજ સાથે જોડાએલો મેરૂ પૃથ્વી ઉપર રહે છે ને કયાંય ખસતો નથી. તે પૃથ્વીને શેષનાગ ધારણ કરે છે; તેવો શેષનાગ શંકરનું કંકણ છે. શંકર વિષ્ણુને પૂજે છે ને વિષ્ણુના હૃદયમાં જે છે તેનાથી મોટો કોઇ નથી. ઉપાસકનું આવું ઉંચું સ્થાન છે. તે ઉપરનો શ્લોક બતાવે છે. આગળપણ દેવી ભાગવતના શ્લોકોમાં બતાવ્યું છે કે ઉપાસકને ઉપાસ્ય છેવટની સ્થીતિએ એકજ સ્વરૂપ થઇ જાય છે.

ભગવતી પાર્વતીનું શરીર અગ્નિનું છે તો પછી તેમનો રંગ તથા વસ્ત્રો લાલજ હોય.

पावका नः सरस्वती वाजेभि र्वाजिनीवती यज्ञं वष्टु धियावसुः । અન્નવાળી દેવી સરસ્વતી પાવન કરનારી બુદ્ધિનોભંડાર અન્ન સાથે અમારા યજ્ઞમાં આવીને વસો.

मेघांगीं शशीशेखरां त्रिनयनां रक्तांबरं बिभ्रतीं ।
पाणिभ्यां वरमभयं च विकसद्रक्तारविन्दे स्थिता ॥
नृत्यन्तं पुरतो निपीय मधुरं माध्वीक मद्यं महा ।
कालं वीक्ष्य विकासितानन वरामाद्यां भजे कालिकां ॥

ઉપરના શ્લોકોમાં વેદમાં બતાવેલું પાર્વતીનું વર્ણન આવી ગયું છે. દુર્ગાના ચોવીસ મૂર્તિઓ છે તેમાંની પ્રધાનતમ કાળકાનું વર્ણન આ શ્લોકમાં છે. મેઘ જેવા અંગવાળી, કપાળમાં ચંદ્રવાળી, ત્રણ આંખોવાળી, લાલ વસ્ત્રોથી શોભતી, બન્નેહાથથી અભયનું વરદાન આપતી, લાલ કમળપર આસનવાળી, મધુર એવી માધવીના મદ્યને પીને મહાકાળને પોતાની આગળ નાચતા જોઇને હાસ્યમય મુખવાળી કાળી-

કાનું હું ભજન કરૂં છું, કોઇ કોઇ મૂર્તિમાં દુર્ગાના દશહાથ વર્ણવેલા હોય છે ત્યારે તે હાથ દશ દિશાનું સૂચન કરે છે. કોઇ મૂર્તિમાં આઠ હાથ હોય તો અષ્ટધા પ્રકૃતિનું સૂચન કરે છે. કોઇ મૂર્તિમાં ચાર હાથ હોય તો તે ચાર પુરૂષાર્થનું સૂચન કરે છે. ને ઉપર જણાવ્યા પ્રમાણે બે હાથ હોય ત્યારે અભયને વરદાનનું સૂચન કરે છે. માયા રૂપીણી દુર્ગાનું બીજું નામ ગોરી જેનો મહીમા અપૂર્વ છે કોઇ કવિએ તેનું સુંદર શબ્દોમાં વર્ણન કર્યું છે.

[illegible] नवयौवनासि ।
शैलाधिराज तनयाऽप्यति कोमलासि ॥
[illegible]पि त्रया न समीक्षितासि ।
ध्येयासि गौरि मनसा न पथि स्थितासि ॥

હે ગૌરી સમસ્ત. જગતથી આદ્ય છતાં હજુ પણ નવ યૌવન વાળી તું છે. પર્વતની પુત્રી હોવા છતાં અતિ કોમળ છે ત્રણ વેદને ઉત્પન્ન કરનારી હોવાથી ત્રણે તારો પાર પામી શક્યા નથી હે ગૌરી હું તારૂં ધ્યાન કરૂં છું. તું મળવી સહેલી નથી.

नीलपितादिको वर्णो यथा कृष्णे विलीयते

સૂર્યના કીરણોના સાતે રંગો ભેગા થાય ત્યાં સફેદ રંગ બને ને જો તેમાંના એક પણ રંગનો વિકાસ ન હોય ત્યાં કાળો રંગ હોય આ પ્રમાણે બધો સંસાર (બધોરંગ) પ્રકૃતિમાં લય થશે માટે માયાનો રંગ કાળો છે અંધકારમાં જતા હોઇએ ત્યારે બધા રંગો જુદા જુદા દેખાતા નથી પણ કાળાજ દેખાય છે સંસારમાં તમામ પદાર્થો આ પ્રમાણે પ્રકૃતિમાં જ્યારે લીન થશે ત્યારે બધા કાળા થવાના છે એ કાળાશનું સૂચન કાળીકાનું શરીર છે. ચંદ્ર અમૃતમય છે ને માતા

કાળીકા જેને ધારણ કરે છે તે અમૃત પ્રદાયીની છે તે ચંદ્ર સુચવે છે કાળીકાત્રિનેત્રા છે કારણ પ્રકૃતિને વિસ્તાર ઘણો છે તેથી ત્રણ નેત્ર છે સૂર્ય, ચંદ્ર., ને અગ્નિ એ તેનાં ત્રણ નેત્રો છે કાળી ગ્રાસીકા છે જેને તે ગ્રસે છે તેના રકતથી રકતવર્ણી પોતે થાય છે તે પૃથ્વી રૂપી લાલ કમળ પર બેઠી છે આ દુર્ગા અસુરસંહાર કારિણી છે તેની જે માતા અ-થવા બેન સાચા ભાવથી ઉપાસના કરે તો તેને પણ અસુર સંહાર નારા પુત્રરત્નની પ્રાપ્તિ થાય જેવી રીતે માતા જીજીબાઇએ દુર્ગાની ઉપાસના કરીને શિરછત્ર શિવાજી યવન સંહારી પુત્ર ને પ્રાપ્ત કર્યો હતો.

ગણપતિ ઉપાસના

खर्वं स्थूलतनुं गजेन्द्रवदनं लम्बोदरं सुदरं।
प्रस्यन्दन्मदगंध लुब्धमधुप व्यालोल गण्डस्थलं ॥
दन्ताघात विदारितारि रुधिरैः सिंदुर शोभाकरं।
वन्दे शैलसुतासुतं गणपतिं सिद्धिप्रदं कर्मसु ॥

પહોળા ને જાડા શરીરવાળા, લાંબા પેટવાળા, સુંદર, ઝરતા મદનાગન્ધથી લોભાએલ ભમ્રરોથી હાલતા લમણાવાળા દાંતના ઘાથી ચીરેલ દુશ્મનના લોહીથી સિન્દુરની શોભા કરવાવાળા પાર્વતીના પુત્ર દરેક કામમાં સફળતા આપનાર ગણેશને હું નમું છું.

उपासना उप समिपे आसनं यया सा उपासना પંચદેવોપાસના એ અદ્વૈત બ્રહ્મ પામવાનું દ્વાર છે અદ્વૈતભાવ દુર થાય, ત્યારે દ્વૈતભાવ વધે જ. પંચદેવ ઉપાસના ભુલવા માટે જ દુનીઆમાં આજે દ્વૈતભાવ વધેલો છે. મહાત્મા તુલસીદાસે દ્વૈતભાવ તોડવા પોતાથી બનતું કર્યું છે રામાયણમાં લખે છે કે "શિવ દ્રોહિ" "મમ દાસ" કહાવે સો નર મોહે સ્વપ્ને નહિ પાવે" માયા વિલાસનું ચિત્ર ગણ

પતિના રૂપમાં છે. દેવ શું છે ? પ્રભુનું રાજ્ય વિરાટ છે જ્યાં જેની જેવી યોગ્યતા હોય ત્યાં પ્રભુ તેવો શાસક મૂકે છે જેમ બ્રીટીશ રાજ્યમાં વાઇસરોય ગવર્નરો વિગેરે હોય છે તેમજ પ્રભુ પણ જેવી પ્રજા હોય તેવા શાસક મૂકે છે પ્રભુના રાજ્યના ત્રણ ઇલાકા પાડી શકાય સાત્વિક ઇલાકો તેના શાસક વિષ્ણુ; રાજસી ઇલાકો તેના શાસક બ્રહ્માજીને તામસ ઇલાકો તેના શાસક શિવ અથવા બીજી રીતે પ્રકૃતિના બે વિભાગ પડે (૧) સુબુદ્ધિ વિભાગ અને (૨) કુબુદ્ધિ વિભાગ. સુબુદ્ધિના શાસક ગણપતિ છે.

बुद्धिर्गणेशो ममचक्षुरर्कः शिवोममात्मा मम शक्तिराद्या ।
बिभेद बुद्ध्या मयि ये भजन्ति मामंगहीनं कलयन्तिमूढा ॥

ગણેશ મારી બુદ્ધિ છે. સૂર્ય આંખો છે. શીવજી આત્મા છે. પાર્વતી શકિત છે, આ બધાં જુદાં માનીને જે મારૂં ભજન કરે છે, તે મને અંગ રહીત અપૂર્ણ જ સમજે છે. સુબુદ્ધિનાં થોડાં ઉદાહરણ.

(૧) કુતરોને છોકરો બરફમાં ફરવા ગએલા, છોકરો બરફમાં દટાયો પણ વફાદાર પ્રાણી કુતરો ઘેર જઇ પોતાના માલીકને સંજ્ઞાઓથી જયાં છોકરો દટાઇ ગએલો ત્યાં ખેંચી લાવ્યો ને ત્યાં નખથી ખોદીને ઇસારત બનાવી કે આ જગાએ ખોદો તેમ કરવાથી છોકરાનો જીવ બચ્યો આવી સુબુદ્ધિ પશુઓમાં પણ હોય છે.

(૨) એક જંગલની પાસે નગરમાં જવાનો ને જંગલમાં જવાનો એમ બે રસ્તા હતા આ જગા ઉપર ચાર પરોપકારી વાનર રહેતા હતા, તેઓ કોઈ પણ મનુષ્યને જંગલના રસ્તા આગળ વધવાજ દેતા ન હતા. કારણ જંગલ ભયંકર હતું. આ વાનરો ગમે તે પ્રકારે

ડરાવીને મારીને કે છેવટે બચકાં ભરી ને પણ મનુષ્ય અગર બીજાં પ્રાણીઓને તે રસ્તે જતાં રોકતા હતા, ને શહેરના રસ્તે આઘે સુધી મૂકી આવતા. આ પશુઓની સુબુદ્ધિનું દૃષ્ટાંત છે. આત્મભાવથી બધાએ એકજ છીએ માત્ર દેખાવ જુદો છે, જેનાથી એકતા વધે તે સુબુદ્ધિ જેનાથી ભિન્નતા વધે તે કુબુદ્ધિ. ગૃહસ્થાશ્રમ આત્મજ્ઞાનના શિક્ષણની શાળા છે. પહેલાં શરીરમાં આત્મભાવ હોય છે, પછી તેનો વિકાસ સ્ત્રી સુધી, પછી કુટુમ્બ પરિવાર સુધી, પછી ગામ જીલ્લો શહેરો, દેશને છેવટે સમસ્ત વિશ્વ સુધી વ્યાપે છે સુબુદ્ધિના સ્વામી ગણપતિનું શરીર નાનું એટલાજ માટે છે કે જ્યાં સુબુદ્ધિ હોય ત્યાં દુર્બુદ્ધિ કે દુર્વાસનાઓ નાનીજ રહે છે. સુબુદ્ધિની સારગર્ભતાને ગંભીરતા બતાવવા માટે ગણેશનું શરીર જાડું છે. દુનીઆમાં પણ જે માણસ ગંભીર ને ઉદાર મન વાળા હોય છે ને કાંઈ પણ વચનો ને પેટમાં રાખે તેમ છે તે મોટા પેટવાળો કહેવાય છે. દૈવી પ્રકૃતિથી પાશવિક પ્રકૃતિ સુધી સંબંધ હોય છે જેમકે દેવોમાં તામસ બળીઆ શીતળા છે. તેમજ પશુઓમાં તામસ ગર્દભી માટેજ શીતળા વાહન ગર્દભી કલ્પાયેલ છે. શીતળાની પૂજા કરો ત્યારે સાથે સાથે ગર્દભીની લાદનો ધુમાડો આપો તો પણ બળીઆ શમે છે. પક્ષીઓમાં કબુતર સુબુદ્ધિવાળું છે. પશુઓમાં સુબુદ્ધિવાળો હાથી છે સીકંદર ને પુરૂના યુદ્ધમાં હાથીએ પુરૂની રક્ષા કરી હતી. સુબુદ્ધિવાળી દૈવી શકિત ગણપતિનો પાશવિક સુબુદ્ધિવાળા હસ્તી સાથે સંબંધ છે તે દેખાડવાને માટે ગણપતિ હસ્તી વદન છે. સારગર્ભતાવાળા હોવાથી ગણપતિ લંબોદર કહેવાય છે.

જેનામાં શુભ વિચાર અગર પરોપકારાદિ ભાવ હોય તે સુંદર કહેવાય છે. દૃષ્ટાંત ગરૂડે સાપોને ખુબ સતાવ્યા, સાપોએ એકઠા મળી

ગરૂડને રોજ એક સાપ મોકલવાનો ઠરાવ કરી મોકલવા લાગ્યા, એક દીવસે શંખચૂડનો વારો હતો તેની મા તે પોતાનો એકનો એક દીકરો હોવાથી વારા પ્રમાણે જવા દેતી ન હોતિ ને રોવા લાગી આથી જીમૂત શંખચૂડના બદલે બલી થવા ગરૂડ પાસે ગયા. ગરૂડ ખાવા લાગ્યા ત્યારે ખબર પડી કે આ સાપ નહી પણ મનુષ્ય છે. એટલે ખાવાનું બંધ રાખ્યું જેથી જીમૂત કહે છે

शिरामुखैः श्यन्ददेव रक्त।
मद्याऽपिदेहे मम मांसमस्ति॥
तृप्तिं न पश्याणि तवापि तावत्।
किं भक्षणात् त्वं विरतो गरुत्मन्॥

નસોમાંથી હજુ લોહી વહે છે શરીરમાં માંસ ભરેલું છે તેમ તમારી ભુખ ભાગી નથી તો ગરૂડ! કેમ ખાવું બંધ કર્યું? દધિચીઋષિનું હાડકાંનું અપર્ણ. પણ આવુંજ પરોપકારી ભાવનું દ્રષ્ટાંત છે સબુદ્ધથી જ્ઞાનાંમૃત ઝરે છે આ જ્ઞાનાંમૃતનું પાન કરવાને જીજ્ઞાસુ રૂપી ભ્રમરો ગણેશના સુબુદ્ધિના સ્થાન માંથાપર કાયમ ભમે છે.

एकं ब्रह्मास्त्रमादाय नान्यंगणयतः क्वचित्।
नास्ति धीरर्वीरस्य भंगः संगर केलिषु॥

એક બ્રહ્માસ્ત્રને લઇને બીજા કોઇને નહિ ગણગારનાર ધૈર્યશીલ ને શૂરવીરનો યુદ્ધમાં પરાજય થતો નથી સુબુદ્ધિ એકતા ઉપજાવે છે. તેથી ગણપતિને એક દાંત છે. ઉંદર વાહન સ્થુલ કાય ગણપતિનું વાહન અલ્પ કાય ઉંદર છે તે એમ બતાવે છે કે સુબુદ્ધિના રૂપક. ગણપતિ: કુબુદ્ધિના રૂપક ઉંદર કરતાં અનેક ગણા મોટા છે. કારણ જેટલી સુબુદ્ધિ વધારે તેટલી કુબુદ્ધિ ઓછી એમ બતાવવાનો ભાવ છે

શૈલ સુતા પાર્વતી એટલે પ્રકૃતિના ગણપતિ પુત્ર છે તે ગણુપતિ આપણા કર્મોને સુબુદ્ધિ દ્વારા સફળ કરે છે.

એક માણસને નદીપાર જવું છે સાથે સિંહ, બકરી ને ઘાસ છે એક સાથે બે વસ્તુઓજઇ શકે તો તે નદીપાર શીરીતે જઈ શકે? પહેલાં તે સિંહને તે ઘાસને લઇ જાય છે. તેમાં સિંહને સામે કીનારે રાખી ઘાસ પાછું લાવે છે પછી બકરી ને લઇ જાય ને સિંહને પાછો લાવે છે. પછી સિંહને ઘાસ બન્નેને લઇ જાય છે. સુબુદ્ધિ ન હોય તો આ કામ ઉકલે નહી એક વખતે કોઇ જગાએ ચોરી થઇ બહુ બહુ પત્તા લગાડતાં ચોર પકડાયો નહી આખરે સુબુદ્ધિનો ઉપયોગ કર્યો બધા શકમંદોને લાકડીઓ આપીને કહ્યું કે ચોરની લાકડી એક આંગળ વધી જશે. બીજે દીવસે લાકડીઓ બધી મંગવી, સરખાવી જોતાં તે ચોર પોતાની રક્ષા કરવા જતાં લાકડી કાપેલી હોવાથી પકડાઈ ગયો.

બ્રહ્મ માયાતીત છે તેની પ્રાપ્તિ ઉપાસનાથી થઇ શકે છે પાંચ ભાવમાંથી એકાદ ભાવનું અવલંબન લઇએ તો પણ ધ્યાતા ધ્યેયને ધ્યાનની ત્રિપુટી એકથઇ કોઇ વખતે સત્ ચિત્ને આનંદ સ્વરૂપ થઇ શકીએ.

विष्णुश्चिता यस्तु सतः शिवासन्।
धिया गणेशस्वतेजसा अर्कः॥
देवी स्वशक्तया कुशलं विधत्ते।
कस्मै चिदस्मै प्रणतिः सदास्ताम्॥

વિષ્ણુમાં ચિદ્‌ભાવ, શિવમાં સદ્‌ભાવ, ગણેશમાં બુદ્ધિભાવ, સૂર્યમાં તેજોભાવ, દેવી પોતાની શક્તિથી કુશળ કરે છે હમેશાં આ કોઇને પણ નમસ્કાર હો

એકજ બ્રહ્મ તત્વ પાંચ ભાવને લીધે પાંચ દેવના રૂપમાં બદલાય છે છેવટે ઉપાસનાના પ્રાણ શ્રદ્ધા છે જેના વિનાની ઉપાસના સફળ નીવડતી નથી ગીતામાં પણ **श्रद्धामयो हि अयं पुरुषः** કહેલું છે યોગમાં પણ **श्रद्धा कल्याणो जनवीन योगिनं पाति** કહ્યું છે.

શાસ્ત્રોનો પુરો લાભ થતો નથી તેનું કારણુ પણુ શ્રદ્ધાની ખામી છે આપણે કુતર્કથી ગણપતિનું વાહનમૂષક જોઇને અસંભવ કહી બેસીએ તે વ્યાજબી નથી માટે શ્રદ્ધા પૂર્વક શાસ્ત્રાધ્યયનને નિયમીત ઉપાસના કરીએ તો જરૂર છેવટે ઉપાસના દ્વારા ઉપાસ્ય દેવો ફળેજ, ને તે દેવોનો સાક્ષાત્કાર કરી તેમના ઉપદેશ દ્વારા આગળ વધિ પ્રભુનું પરમ ધામ એવા બ્રહ્મપદને પામીએ.

हरिः ॐ तत् सत्

गीता रहस्य

अर्जुन उवाच ॥

कथं भीष्ममहं संख्ये द्रोणं च मधुसूदन ।
इषुभिःप्रतियोत्स्यामि पूजार्हावरिसूदन ॥

श्री भगवान् उवाच ॥

देहिनोऽस्मिन्यथा देहे कौमारं यौवनं जरा ।
तथा देहांतर प्राप्ति र्धीरस्तत्र न मुह्यति ॥

त्रैगुण्यविषया वेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वंद्वो नित्यसत्त्वस्थो निर्योगक्षेम आत्मवान् ॥

योगस्थः कुरु कर्माणिसंगं त्यक्त्वा धनंजय ।
सिद्ध्यसिद्ध्योःसमो भूत्वा समत्वं योग उच्यते ॥

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदा गंतासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥

तानि सर्वाणि संयम्य युक्त आसीत मत्परः ।
वशे हि यस्येंद्रियाणि तस्य प्रज्ञा प्रतिष्ठिता ॥

विहाय कामान्यः सर्वान्पुमांश्चरति निःस्पृहः ।
निर्ममो निरहंकारः स शांतिमधिगच्छति ॥

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यैतदशेषेण यथेच्छसि तथा कुरु ॥

हरिः ॐ तत्सत्